વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧, અંક : ૮, ઓક્ટોમ્બર-૨૦૧૦

છુટક નકલ કિંમત રૂા.૫-૦૦

## જળઝીલણી ઉત્સવ - ૨૦૧૦













॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નૂતન વર્ષાભિનંદન

## સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી
## ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી
## શ્રી લક્ષ્મીનારાયણ દેવ દક્ષિણ દેશ ગાદી
## સંસ્થાન : વડતાલ - પીન : ૩૮૭ ૩૭૫

વૃતપુર મહિમા કહયો ન જાય, કદી મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગયા ;
વૃષસુતતણી મુખ્ય ગાદિ જયાં છે, ત્રિભુવન તત્વ અનેક તીર્થ ત્યાં છે.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ દ્વારા સ્વયંમ્ પ્રતિષ્ઠિત વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ, આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજના પાવન સાંનિધ્યથી તમામ બ્રહ્મચારી, સંતો, પાર્ષદો તથા દેશવિદેશમાં વસતા શ્રીહરિ સ્થાપિત સંપ્રદાયના આશ્રિત સર્વે હરિભકતોને સં.૨૦૬૭ના કારતક સુદ-૧ તા. ૦૭-૧૧-૨૦૧૦ના શુભ દિને “ નૂતન વર્ષાભિનંદન ” સહ અમારા જય સ્વામિનારાયણ વાંચવા.

આજના મંગલમય શુભપ્રભાતથી શરૂ થતા નૂતન વર્ષના શુભ દિને આપ સૌ ભકતજનોને નૂતન વર્ષાભિનંદન પાઠવતા અમોને અતિ હર્ષની લાગણી અનુભવાય છે.

એકાંતિક ભકતના જે ધર્મ, તે પ્રવર્તાવવાને અર્થે તથા ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભકત તેની ભકિતને આધીન થઈને, તે ભકતને સુખ દેવાને અર્થે જેવી ભકતની ઈચ્છા હોય તેવા રૂપ ધારણ કરી પોતાના ભકતના મનોરથ પૂરા કરવાના દિવ્ય હેતુભાવથી શ્રીહરિએ ઘોર કળીકાળમાં ભરતખંડને વિશે મનુષ્ય તન ધારણ કરી આપણા સૌના આત્યંતિક કલ્યાણ અર્થે ધર્મનું સ્થાપન કરી મહામંદિરોના નિર્માણ કરીને આ સત્સંગનું પ્રવર્તન કરી આપણી ઉપર અનહદ્ દયા કરી છે. આથી જ મોટેરા સંતો કહેતા કે કરોડ કામ બગાડીને એક મોક્ષને સુધારી લેવો. ઈન્દ્રિયો અને મન કુસંગી છે. સારા વિચારો પળ માત્રમાં તજાવે તેવું મન છે. જીવને ભોળવીને ભમાવે છે તેથી દીર્ઘસુત્રીપણું ત્યજીને શ્રીહરિને ભજવાનું કાર્ય કાલે કરવાનું મૂકીને આજે જ કરવું તેવો સંકલ્પ આજના શુભ દિને કરવો.

પરમાત્માની અતિશય કૃપા જેની ઉપર હોય તેને જ આવા દિવ્ય સંપ્રદાની પ્રાપ્તિ થાય છે. માટે વિકટ સમયમાં પણ સત્સંગની ટેક ન મૂકવાનો દૃઢ નિર્ધાર આજે જ કરવો તથા ધીરજ ધરી સદાય ચિંતામણી તુલ્ય સત્સંગની જાળવણી કરવાની દરેક સંતો, ભકતોને મહારાજ બળ અર્પે તથા આપ સર્વને સર્વ પ્રકારે સર્વાવતારી શ્રીહરિ સુખીયા કરે તેવી સર્વાવતારી વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજના તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના સહ સૌને અમારા શુભાશિષ સહ નવા વર્ષના અભિનંદન પાઠવીએ છીએ.

શુભાશિર્વાદ સહ જય શ્રીસ્વામિનારાયણ.

॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥

**વેબ સાઈટ :**
**www.vadtal.com**

E-mail address :
**vsm@vadtal.com**
**vsm191@yahoo.co.in**


**: તંત્રીશ્રી :**
**પ. ભ. મુખ્ય કોઠારીશ્રી**
**શા. સ્વા. નિલકંઠચરણદાસજી**
**ગુ. સ્વા. હરિજીવનદાસજી**

શ્રી સ્વામિનારાયણ મંદિર
સંસ્થાન વડતાલ - ૩૮૭૩૭૫
તા.નડીયાદ, જી.ખેડા (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮
૨૫૮૯૭૭૬

**લવાજમ**

ભારતમાં.. વાર્ષિક : ₹. ૩૦/-
આજીવન : ₹. ૫૦૦/-
વિદેશમાં
આજીવન : ₹. ૫૦૦૦/-

**વર્ષ : ૧**
**અંક : ૮**
**ઓક્ટોમ્બર - ૨૦૧૦**




॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક**

# શ્રી વડતાલધામ સત્સંગ

છુટક નકલ કિંમત રૂા.૫-૦૦

## ધન્ય શરદ પુનમની રજની રે...

ધન્ય શરદ પુનમની રજની રે, રસિક સલુંણો રાસ રમે;
ધન્ય શરદ એ નારી વ્રજની રે, ગિરધરને મનમાંહી ગમે...ધન્ય ૧

ધન્ય શરદ જમુનાનો આરો રે, ધન્ય ધન્ય વન કેરી વેલી;
ધન્ય ખેલે નંદદુલારો રે, લઈ સંગ રાધા અલબેલી... ધન્ય ૨

ભુધર સંગ સુખમાં ભીજી રે, પૂરણ અતિ વર પામીને;
રસબસ થઈ રંગમાં રીઝી રે, ચાલી ઘર શિર નામીને...ધન્ય ૩

એ કહાન કુંવરની ક્રીડા રે, ગર્વ તજી પ્રેમે ગાશે;
બ્રહ્માનંદ કહે મટે ભવ પીડા રે, અંતર નિષ્કામી થાશે...ધન્ય ૪

- સ.ગુ.બ્રહ્માનંદસ્વામી


**માલિક, મુદ્રક અને પ્રકાશક :-** વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલના **મુખ્ય કોઠારીશ્રી શા. સ્વા. શ્રી નિલકંઠચરણદાસજી ગુ. સ્વા. શ્રી હરિજીવનદાસજી** દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ માટે **શ્રી લક્ષ્મીનારાયણ દેવ ઓફસેટ પ્રેસ-વડતાલ-૩૮૭૩૭૫** ખાતે છાપ્યું અને **શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ-૩૮૭૩૭૫, તા. નડીયાદ, જી.ખેડા (ગુજરાત)** ખાતે પ્રકાશિત કર્યું.





# નૂતન વર્ષાભિનંદન

વડતાલ વિહારી ઉપાસ્ય સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિ દેવોના સામીપ્યથી શ્રીહરિના લાડલા સર્વે બ્રહ્મચારી - સંતો -પાર્ષદો - ભકતોને અમારા સંવત ૨૦૬૭ના નૂતન વર્ષના ભાવપૂર્ણ જય સ્વામિનારાયણ. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની અપાર કરુણાથી આ દિવ્ય સત્સંગની પ્રાપ્તિ થઈ છે. તો સત્સંગની દિવ્યતા, નિષ્ઠા, નિયમ, ભજન-ભક્તિ-સેવાનું બળ સંવત ૨૦૬૭ના નૂતન વર્ષમાં પણ વિશેષને વિશેષ વધે તથા જીવનમાં સુખ-શાંતિ-સમૃધ્ધિ વધે એવી વૃતાલયવાસી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

લી.

**ચેરમેનશ્રી**
**શા. સ્વા.ઘનશ્યામપ્રકાશદાસજી**


**મુખ્ય કોઠારીશ્રી**
**શા. સ્વા. શ્રી નિલકંઠચરણદાસજી**

**ઘણા ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ....**



# ઈન્દ્રિયોનું પ્રલોભન

પ.પૂ.મુ.કો. નિલકંઠચરણદાસજી સ્વામી (વડતાલ)



સામાન્ય માનવીથી માંડીને ઉચ્ચ કક્ષાના સાધકમાં આવી શુભ-અશુભની લડાઈ ચાલતી હોય છે. અશુભનું બળ વધે છે ત્યારે માણસ દુન્યવી પ્રલોભનમાં ફસાઈ જાય છે અને અનેક પ્રકારના દુઃખને વહોરી લેતો હોય છે. શરૂઆતમાં આ પ્રલોભન કે લાલચ એના મનને ખૂબ ગમે છે. પોતાની જાતને એનાથી રોકી શકતો નથી અને એકવાર એ પ્રલોભનની પાછળ દોડે છે પછી એની અનિષ્ઠ તરફની દોડ સતત ચાલુ રહે છે એ વધુને વધુ લપસતો જાય છે. સદ્ગુણોને મેળવવા માટે માનવે પ્રયત્ન કરવો પડે છે જેમ કોઈ પર્વતના શિખર ઉપર આરોહણ કરે તેમ પરંતુ દુર્ગુણો તો વગર પ્રયત્ને આવી જાય છે. જેમ પર્વતની ટોચ પરથી નીચે ઉતરવા પ્રયત્ન કરવો પડતો નથી એ તો સહજ નીચે ઉતરી જાય છે અને ધ્યાન ન રાખે તો ઊંડી ખાઈમાં ધકેલાઈ જાય છે.

આમ દુન્યવી પ્રલોભનનો ભૌતિક લાલસાઓ વિષયોનું પ્રબળ આકર્ષણ સંપતિ માટે અદમ્ય તૃષ્ણા આ બધા દુનિયામાં જોવા મળતાં આકર્ષણો વ્યક્તિને પ્રારંભમાં ખૂબ આકર્ષણો હોય છે એ આકર્ષણમાં વ્યક્તિ એમાં વધુ ને વધુ ડુબવા લાગે છે અને સમય જતાં જ્યારે એ પ્રલોભનને સિધ્ધ કરવા માટે કરેલા પ્રપંચો ખુલ્લા પડે છે ત્યારે વ્યક્તિની બુરી દશા થાય છે અને એને પારાવાર વસવસો થાય છે. આ આકર્ષણોએ એના જીવનને કેવું દુર્ગુણોથી ભરી દીધું એ જુએ છે અને વિચારે છે કે એણે પોતે જ પોતાનો વિનાશ વહોરી લીધો.

જેમ ભૌતિક જગતના લોકોને આવા આકર્ષણો દોડાવતા હોય છે એ જ રીતે સાધનાને માર્ગે જનાર મુમુક્ષુને પણ આવા આકર્ષણોનો સામનો કરવો પડે છે. મારી દૃષ્ટિએ તો એને દુન્યવી આકર્ષણો સામે લડનાર માનવી કરતાં વધુ મોટો જંગ ખેલવો પડે છે. કારણ કે એક

માનવીનું હૃદય કુરુક્ષેત્રના સમરાંગણ જેવું છે. જ્યાં સત્ય રૂપી પાંડવો અને અસત્ય રૂપી કૌરવોનું સતત યુધ્ધ ખેલાતુ હોય છે. એક અર્થમાં જોઈએ તો વ્યક્તિનું જીવન એટલે શુભ અને અશુભ બળો વચ્ચેનો મહાસંગ્રામ. માનવીના મનમાં રહેલા અશુભ બળો એને સતત આકર્ષતા રહે છે. અને એ રીતે એ શુભ બળોને દૂર રાખે છે. ક્યારેક શુભ બળની શક્તિ પ્રગટ થવા માટે પ્રયાસ કરે તો અશુભ બળ એના વિકારી આકર્ષણ દ્વારા શુભને પરાસ્ત કરી દે છે.

બાજુથી એને પ્રલોભનોથી, કષાયોથી, વિકારોથી દૂર રહેવાનું અને બીજી બાજુ પોતાના આંતરજીવનનો નવા નવા ગુણોની કેળવણી દ્વારા વધુ વિકાસ સાધવાનો હોય છે. આથી સામાન્ય માનવી કરતાં સાધકને આ વિષય વિકારો સામે ઘણું ઝઝૂમવું પડે છે.

ઈન્દ્રિયનો આનંદ વ્યક્તિને ઉત્તેજનામાં રાખે છે અને એને ભગવાનથી દૂર રાખે છે. આ યુદગલનું પ્રધાન્ય એવું હોય છે કે વ્યક્તિ એના સુખનો જ વિચાર કરે છે અને એની ઈન્દ્રિયો વારંવાર પોકાર પાડીને એને કહે છે કે અહી જેવો આનંદ છે એવો આનંદ તમને બીજે ક્યાંય નહી મળે આ ભોગમાંથી જે સુખ પ્રાપ્ત થવાનું છે તે સુખની લહેજત કોઈ જુદી જ છે આ રીતે મન એ વ્યક્તિને તથા સાધકને વિષયોમાં ખેચતુ રહે છે અને ધીરે ધીરે મન એ વ્યક્તિની આસપાસ એ જ ભોગને ઉત્તેજીત કરતી સૃષ્ટિ રચે છે. મનમાં સતત એને પામવાની ચળ ચાલુ થાય છે અને ધીરે ધીરે માણસ એને ખંજવાળતા ખંજવાળતા લોહી લુહાણ બની જાય તો પણ ખંજવાળવાનું છોડતો નથી. મોડે મોડે એને ખ્યાલ આવે છે કે પહેલા ખંજવાળ સુખદાયક લાગતી હતી એવી મીઠી લાગતી હતી કે વારંવાર ખંજવાળવાનું મન થતું હતું અને પછી તો ખંજવાળવું એ ગમતી આદત બની ગઈ અને અંતે ખ્યાલ આવ્યો કે આ ખંજવાળતા ખંજવાળતા તો આખી ચામડી ઉતરડી નાખી અને નીચેથી લોહી બહાર આવી ગયું એની પીડા થવા લાગી અને ચીસ પડી જાય તેવા લવકારા મારવા લાગી.

પહેલા જે ઈન્દ્રિયના વિષયને ખંજવાળતા મુખમાં મીઠી લાળ આપતી હતી એ જ ઈન્દ્રિયનો વિષય હવે રાડ પડાવે છે. આ ઈન્દ્રિયોની ખૂબી એ છે કે વ્યક્તિ હમેશા એની પ્રક્રિયાના આનંદમાં જ એટલો બધો ગરકાવ હોય છે કે પછી પરિણામ શું આવશે એની કોઈ પરવા કરતો નથી. ક્યારેક મનમાં વિચારે કે આનું પરિણામ ઘણું ખોટુ કે માઠુ આવશે પરંતુ એ વિચાર એટલો પ્રબળ હોતો નથી કે જે એના ઈન્દ્રિયના આકર્ષણને દૂર કરી શકે. આમ સામાન્ય માણસ કે સાધક સૌના જીવનમાં દોષ, વાસના કે વિકાર આવતા હોય છે અને તેથી એ જાણવું રસપ્રદ બને કે આ દોષોને કેવી રીતે દૂર કરી શકાય આને માટે કેટલાક સાધકો રોજનીશ દિવસ દરમ્યાન બનેલી ઘટનાનો વિચાર કરીને પોતાનાથી થયેલી ભૂલો, દોષોની નોંધ કરતા હોય છે અને તે ભૂલોને તથા દોષોને દૂર કરવાના ઉપાય શોધી પ્રાયશ્ચિત કરી શુધ્ધ થાય છે. આના માટે ભગવાન સ્વામિનારાયણે લોયાના પાંચમાં વચનામૃતમાં ઉપાય બતાવ્યો છે.

બીજો ઉપાય વડતાલનાં દસમાં વચનામૃતમાં બતાવ્યો છે. ઈન્દ્રિયોની વૃતિ અનુલોમ પણે વર્તતી હોય અને પ્રવૃતિ માર્ગમા રહ્યો હોય તો પણ જો રાજા જનકની પેઠે જેના હૃદયમાં સમજણની દૃઢતા થઈ હોય તો તે કોઈ વિકારને શુભ-અશુભ, સાર-અસાર, સત્ય-અસત્યનો વિચાર કરી શુભ સાર અને સત્યની સમજણ દૃઢ કરવી તો જ અશુભ પ્રલોભનથી બચી શકાય તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના આઠમા વચનામૃતમાં લખે છે કે ઈન્દ્રિયોની ક્રિયા છે તેને જો ભગવાન અને ભક્તની સેવામાં રાખે તો અંતઃકરણ શુધ્ધ થાય અને ઈન્દ્રિયોની ક્રિયાને વિષયમાં પ્રવર્તાવે તો અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે માટે સાર અસારનો વિવેક રાખી અસારનો ત્યાગ કરે તો ઈન્દ્રિયો જીતાય છે.


# અંકના ગ્રાહક બનો અને બનાવો

## અંક વાંચો અને વંચાવો

# મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ૨૨૫મી જન્મજયંતિ પ્રસંગે ગુણાનુવાદ





જામનગર જીલ્લામાં લતીપુર નામે ગામ આવેલ છે. આ ગામમા સદ્. શ્રી આત્માનંદ સ્વામીના કેટલાક શિષ્યો રહેતા હતા. તેમાં વલ્લભજી જાની નામે એક સંસ્કારી યજુર્વેદી બ્રાહ્મણ હતા. તેમને કોઈ સંતાન ન હતુ. તેથી સદ્. શ્રી આત્માનંદ સ્વામીએ તેમને આશિષ આપ્યા કે, ''તમારા પુત્ર પ્રગટ પુરૂષોત્તમ ભગવાનના આશ્રિત થઈ સદ્ધર્મ ફેલાવશે.''

સ્વામીશ્રીની આ વાત સાંભળી બીજા સેવક ગગાભાઈ સુતાર, રામભાઈ સુતાર, હરિભાઈ, નાનદાસ પટેલ ત્યાં હતા તેમણે પણ કહ્યુ કે, ''ગુરૂ મહારાજ ! અમને પણ આશીર્વાદ આપો.''

ગુરૂવર્યે પ્રસન્ન થઈ આશિર્વાદ આપ્યા કે, ''તમારા પુત્રોને પણ પ્રગટ ભગવાન મળશે.''

આથી સુખદેવ દવેએ પણ પ્રાર્થના કરી કે, ''ગુરૂદેવ ! હું ઘરભંગ છુ અને મારે ફક્ત પાંચ વર્ષની આ સાકર નામની એક પુત્રી છે તેને પણ આપ આશિર્વાદ આપો.''

તેથી તે પુત્રી તરફ જોઈને ગુરૂવર્ય બોલ્યા કે, ''આ મહાન ભાગ્યશાળી બાઈથી ભોળાનાથને આપેલ વરદાનની સફળતા થશે.''

લતીપુર ગામમાં સદ્. શ્રી આત્માનંદ સ્વામી અને તેમના શિષ્યો ઉપર અજ્ઞાની માણસો દ્વેષ રાખતા હતા. તેથી તેઓ લતીપુર છોડી ચાલી નીકળ્યા. ગામ બહાર નીકળતા ગાય સામે મળી ત્યારે એક શિષ્ય બોલ્યો કે, ''ગુરૂ મહારાજ ! આ શુકન સારા થયા છે.''

સ્વામીશ્રી બોલ્યા કે, ''આજે કાઠિયાવાડમાં મહામુક્તનો જન્મ થયો છે તે મુક્તાનંદજી નામે વિખ્યાત થઈને સદ્ધર્મની પ્રવૃત્તિ કરશે.

પછી સદ્. શ્રી આત્માનંદ સ્વામી ફરતા ફરતા સોરઠમાં મેખાટીંબી ગામે ગયા, જ્યારે વલ્લભજી જાની અને

ગગાભાઈ સુતાર ભાદરા ગામે, રામભાઈ સુતાર શેખપાટ ગામે, સુખદેવ દવે તથા હરિભાઈ કાલાવાડ ગામે અને નાનદાસ પટેલ ગુજરાતમાં ગયા.

સ્વામીશ્રીએ આપેલા વર મુજબ તેમના આ બધા શિષ્યો પુત્ર-પૌત્રાદિક પ્રગટ પુરૂષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીના આશ્રિત થયા. નાનદાસ પટેલના બે પૌત્રો શ્રી સ્વામિનારાયણ પ્રભુના પરમ એકાંતિક શિષ્યો થઈ સંસારથી વિરક્ત થયા. જેઓ યોગાનંદ સ્વામી અને ભગવદાનંદ સ્વામી તરીકે ઓળખાયા. રામભાઈ સુતારના પુત્ર લાલજી તે વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી થયા. ગગાભાઈ સુતારના પુત્ર વશરામભાઈ પણ શ્રીહરિના એકાંતિક ભક્ત થયા હતા.

સંવત ૧૮૨૨માં ભોળાનાથના લગ્ન સુખદેવ દવેની પુત્રી સાકરબાઈ સાથે કાલાવાડમાં થયા. આ પ્રસંગે સદ્. શ્રી આત્માનંદ સ્વામી કાલાવાડમાં હતા. લગ્નવિધિ સંપૂર્ણ થયા પછી નવદંપતિ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. આથી સ્વામીશ્રીએ સાકરબાઈને આશીર્વાદ આપીને કહ્યું કે, ''તારે બે પુત્રો થશે અને તેમને પ્રગટ ભગવાન મળશે. પુરૂષોત્તમનારાયણ પણ તારે ઘેર આવશે અને તારા હાથનો થાળ જમશે.''

સદ્. સ્વામી શ્રી આત્માનંદજીના વચન મુજબ સંવત ૧૮૪૧ના આસો સુદ ૧૫ (શરદપૂર્ણિમા), મંગળવાર, ઉત્તરા ભાદ્રપદ, નક્ષત્ર, ધ્રુવ, યોગ, બવ, કરણ વગેરે બળવાન યોગમાં રાત્રિના ૧૧ ઘડી અને ૪૦ પળ જતાં ભોળાનાથ અને સાકરબાઈને ઘેર પુત્રનો જન્મ થયો. સદ્. શ્રી રામાનંદ સ્વામી પોતાની ખાસ ઈચ્છાથી તેનું મૂળજી નામ પાડતા કહ્યું કે, ''આ પુત્ર તરફ સર્વ મનુષ્ય આકર્ષાશે, બૃહસ્પતિ જેવા તે વક્તા થશે અને બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરશે. પુષ્કળ વૈભવ મળવા છતાં આ મહાયોગી વિરક્ત રહી ભગવાનને અખંડ રાખશે અને તેમના ઉપદેશના વાક્યો જીજ્ઞાસુઓને માર્ગદર્શક થઈ પડશે.''

આ મૂળજી ચાર વર્ષના થયા ત્યારે એક વખત તેમના માતુશ્રી પાસે દુધ પીવા માંગ્યુ ત્યારે માતુશ્રીને કહ્યુ, ''ઠાકોરજીને ધરીને આપુ છુ.'' એટલે સ્વામી કહે ''અમે પીએ તે ભેળા ઠાકોરજી પણ પીએ છે, કારણ કે અમે તેમને અખંડ રાખ્યા છે. અમે ગર્ભમાં હતા ત્યારે, ગર્ભમાં આવ્યા મોર ને અત્યારે પણ શ્રીહરિને અખંડ દેખીએ છીએ.'' એક વખત મૂળજીએ તેમના માતુશ્રીને કહ્યુ કે, ''આજે જનોઈનું ગીત ગાઓ.'' આથી માતાએ કહ્યુ કે, ''તેનુ કારણ શું ?'' મૂળજી કહે ''આજે ધર્મદેવને ઘેર પ્રગટ ભગવાનને જનોઈ આપવાની માંગલિક ક્રિયા થાય છે. તેથી ગીત ગાવા કહીએ છીએ.''

મૂળજી પોતાના નાના ભાઈ સુંદરજીને હીંચકાવવા લાગ્યા અને બોલ્યા કે ''મા ! મારે સાધુ થવું છે ને આ સુંદરજી પણ સાધુ થશે.'' આ સાંભળી તેમના માતુશ્રી કહે ''આ છોકરાને કોઈની નજર પડી હશે નહિતર બાળપણામાં આમ શીદ બોલે ?''

સંવત ૧૮૪૯ના જેઠ સુદ ૫ ના રોજ મૂળજીને યજ્ઞોપવિત આપવાનો માંગલિક પ્રસંગ ઊજવાયો. તે સમયે ગુરૂએ તેમને શાસ્ત્ર ભણવાની આજ્ઞા કરી. આથી મૂળજીએ કહ્યું કે, ''અમે ભણ્યા છીએ તેવું તો કોઈજ ભણશે.'' પછી મૂળજી કાશીએ જવા તૈયાર થયા. તે વખતે મામા ન હોવાને કારણે વશરામભાઈ જ તેમને તેડીને લાવ્યા. પછી બ્રહ્મસભામાં બેઠા. ગુરૂએ કહ્યું કે, ''કાશીએ ન ગયા ?'' મૂળજી કહે, ''કોટી કાશી જેના ચરણમાં રહે છે તે પ્રભુ થોડા દિવસમાં અહીં પધારશે અને આ ભુમીને પરમ પવિત્ર કરશે.''

સંવત ૧૮૪૯ ના અષાઢ સુદ ૧૦ ને શુક્રવારના રોજ મૂળજીના પિતાશ્રી ભોળાનાથ ધામમાં ગયા ત્યારે મૂળજી બોલ્યા કે, ''આજે પિતા ધામમાં ગયા અને ધામના ધણી વનમાં પધાર્યા.''

મૂળજીને શેખપાટમાં રહેતા લાલજીભક્ત સાથે એટલું હેત હતુ કે બન્ને હમેશા રાત્રે ભાદરા અને શેખપાટથી આવી રસ્તામાં સત્સંગ કરવા ભેગા થતા અને મોડી રાત્રે સુધી સત્સંગમાં તરબત્તર બનતા.

સંવત ૧૮૫૮માં સદ્. શ્રી રામાનંદ સ્વામીએ લાલજી ભક્ત અને મૂળજી ભક્ત બન્નેને પીપલાણામાં શ્રીહરિના દીક્ષા મહાઉત્સવમાં દર્શન કરવા બોલાવ્યા હતા. આથી બન્ને શ્રીહરિના દર્શને ગયા ત્યારે મૂર્તિ જોતા જ તેમનો પૂર્વનો સ્નેહ ઉભરાય આવ્યો. તે વખતે સદ્. શ્રી રામાનંદ સ્વામી તે બન્ને પ્રત્યે બોલ્યા કે, ''અમે જે કહેતા હતા તે ખરો વેશ ભજવનારા આ તપસ્વી આવ્યા છે. માટે હવેથી સહુ તેમના શિષ્ય થઈ, તેની ભક્તિ કરજો.''

આ સાંભળી સહજાનંદ પ્રભુએ ગુરૂવર્ય શ્રીરામાનંદ સ્વામીને કહ્યુ કે, ''તે તો અમારા જ છે.'' આ લાલજી ભક્ત ઘણા જ વૈરાગ્યવાન છે. તે અમારા ચરિત્ર વિસ્તારથી ગાશે અને આ મૂળજી ભક્ત છે તેણે અમને અખંડ ધારી રાખ્યા છે. તે અમારો મહિમા વિસ્તારશે.''

સહજાનંદ સ્વામીને સંવત ૧૮૫૮ માં જેતપુરમાં ધર્મધુરા સોંપી રામાનંદ સ્વામી દેહનો ત્યાગ કરી ધામમાં ગયા પછી થોડા વખત બાદ શ્રીહરિ ભાદરે પધાર્યા હતા અને ત્યાં એક મહિનો રોકાયા હતા. ત્યારે સહુને ઘેર વારાફરતી થાળ જમવા પધારતા. એક દિવસ મૂળજીને ઘેર થાળ જમવા પધાર્યા. તે વખતે સાકરબાઈએ શ્રીહરિને જમતી વખતે પૂછ્યુ કે, ''આ મૂળજી છે તે તમને જ અખંડ દેખે છે અને તમારા સિવાય કોઈ સામુ જોતા નથી ને કોઈને વિશે હેત નથી તેનું શું કારણ છે ?

શ્રીહરિ બોલ્યા કે, ''તે તમારા ગર્ભમાં નહોતા આવ્યા ત્યારે ને ગર્ભમાં આવ્યા ત્યારે અને અત્યારે પણ અમારી મૂર્તિને અખંડ દેખે છે. એવા તે બહુ સમર્થ છે.'' તે સાંભળી સાકરબાઈ તથા વશરામભાઈ, માવજીભાઈ, ડોસાભાઈ, રત્નાભાઈ આદિ બહુ જ રાજી થયા. સંવત ૧૮૫૬ની સાલામાં મૂળજીએ પોતાના માતુશ્રીને શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરાવી ધામમાં મોકલી દીધા.

ગૃહત્યાગ :- એક વખતે શ્રીહરિએ મૂળજીને શેરડીના વાડમાં દર્શન દીધા અને યાદ અપાવ્યુ કે, ''આપણે શું કરવા આવ્યા છીએ અને આ શું કરો છો ?'' તુરંત જ મૂળજીએ સંસાર છોડી પોતાના જન્મનો હેતુ સિદ્ધ કરવા પ્રયાણ કર્યું.

સંવત ૧૮૬૬માં ડભાણના યજ્ઞ વખતે શ્રીહરિએ તેમને મહાદીક્ષા આપી અને ગુણાતીતાનંદ સ્વામી નામ પાડ્યુ.

## અપરંપાર ત્યાગ વૈરાગ્ય :

શ્રીહરિ થકી ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરીને ડભાણના યજ્ઞ બાદ સ્વામી શ્રીહરિની આજ્ઞાનુસાર મુક્તાનંદ સ્વામીની સાથે સત્સંગમાં ફરવા ગયા. સત્સંગ વિચરણ કરતા થકા જેતલપુર આવ્યા. અહી સ્વામીએ મુક્તાનંદ સ્વામીની પાસે ધ્યાનનો અભ્યાસ કરતા. એક વખત મુક્તાનદં સ્વામી મોહોલના ધાબા ઉપર સૂવા માટે ગયા. ત્યાં સ્વામી પણ આવ્યા ને જોયુ તો મુક્તાનંદ સ્વામી કાંઈ જ પાથર્યા વિના નીચે સૂતા હતા. આથી તેઓ પણ તેવી જ રીતે કાઈ પાથર્યા વિના નીચે સૂઈ ગયા. આ જોઈ મુક્તાનંદ સ્વામીએ કહ્યુ કે, 'સાધુરામ ! કાંકરાવાળી ભો છે તે તમને ખૂંચશે. માટે કાંઈક નીચે પાથરીને સૂવો.' આથી તેમણે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી ! તમે કેમ કાઈ પાથર્યુ નથી ?' તેથી મુક્તાનંદ સ્વામી કહે કે, 'અમારે તો મહારાજની આજ્ઞા નથી. પરંતુ તમો હજુ નવા દીક્ષિત સંત છો તે ધીરે ધીરે ટેવ પાડજો.' મુક્તાનંદ સ્વામીની આ વાણી સાંભળી સ્વામીએ વિનંતીપૂર્વક વાત કરી કે 'સ્વામી ! તમને મહારાજની આજ્ઞા હોય તો મારે પણ હોય. માટે મને પણ હરિવરની આજ્ઞા પાળવા દો.' આ નવા સંતની ત્યાગ વૈરાગ્યની છટા તથા વાલમની આજ્ઞા પાળવાની દઢતા જોઈને મુક્તાનંદ સ્વામીના અંતરમાંથી આશિષની વર્ષા થઈ ગઈ કે 'સાધુરામ ! તમે તો બહુ જ આગળ વધી જશો.'

સંવત ૧૮૬૯નું વર્ષ અતિ ભયાનક દુષ્કાળથી ઘેરાયેલું હતું. આ દુષ્કાળની કારમી પરિસ્થિતિને લીધે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને ૨૦૦ સંતોના મંડળ સાથે સુરત મોકલ્યા હતા. તેમાં આનંદાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વિગેરે સંતો પણ હતા. સુરતના હરિજનોએ સંતોના ઉતારા માટે એક મકાન રાખી તેમાં સંતોને ઉતારો આપ્યો હતો. આ મકાનની સામે એક હવેલીના કઠોડે એક નિલ વાંદરું બાંધ્યું હતું. સભા પ્રસંગે મુક્તાનંદ સ્વામીએ કેટલી ત્યાગ વૈરાગ્યની વાતો કર્યા બાદ સૌ સંતોને કહ્યુ કે, 'જુઓ ! આપણા આંખ, કાન, નાક કેટલા ચંચળ છે ? આપણને સમજણ ન પડે તે રીતે આપણને છેતરી જાય છે.' આમ વાત કરી સામેની હવેલીના નીલ વાંદરાને બતાવતા કહ્યું કે, 'તેના ઉપર અત્યાર સુધીમાં જેની દૃષ્ટિ ન ગઈ હોય તે ઊભા થાઓ. મુક્તાનંદ સ્વામીની આ પ્રકારની વાત સાંભળી સહુ વિચારવા લાગ્યા ને કોઈ ઊભા ન થયા. આ વખતે ગુણાતીતાનંદ સ્વામી સભામાં ઊભા થઈ નીચી દૃષ્ટિ રાખી બોલ્યા કે, 'સ્વામી ! મહારાજની અને આપ જેવા સંતની કૃપાથી મારી દૃષ્ટિ તે તરફ ગઈ નથી. સ્વામીના આવા વેણ સાંભળી મુક્તાનંદ સ્વામીને અત્યંત આનંદ થયો અને બોલ્યા કે, 'શાબાશ સાધુરામ ! શાબાશ ! તમને ધન્યવાદ છે. આમ સ્વામી પર રાજીપો વરસાવતા થકા ઊભા થઈને માથે બે હાથ મુક્તા થકા ભેટી પડ્યા. આવી સંયમમય વૃત્તિ હતી ગુણાતીતાનંદ સ્વામીની.

અદ્વિતીય ત્યાગ-વૈરાગ્યથી છલકતાં એવા સ્વામી પોતે જ કહે છે કે, 'એકવાર મહારાજ પાસે જાતા હતા તે રસ્તામાં શૂળી હતી તે કરડ કરડ બોલતી ગઈ ને અમે ચાલ્યા ગયા પણ કોઈયે થયુ નહિ. 'એકજ ગોદડી પર ચાલીસ વર્ષ ચાર મહિના ને ચાર દિવસ સુધી બેસીને વાતુ કરી છે.' આવો ત્યાગ વૈરાગ્યથી નિતરતુ સ્વામીનું જીવન હતુ.

## કથાવાર્તાની ભૂખ

ડભાણના યજ્ઞ પછી મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સહિત ગુજરાતમાં સત્સંગ વિચરણ કરી ગઢપુર શ્રીહરિની સમીપ આવ્યા. જયારે સત્સંગ વિચરણ કરીને સંતોના મંડળો ગઢપુર આવતા ત્યારે મહારાજ તેમને પોતાની સમીપે થોડા દિવસ રાખી નિશદિન જ્ઞાનોપદેશ કરતા. આવા એક પ્રસંગે હરિવર પોતાના ઓરડામાં સંતોની સભામાં જ્ઞાનવાર્તા કરતા હતા ત્યાં રાત્રીના બે પહોર વીતી ગયા અને કૂકડો બોલ્યો. આથી વાલમે સંતોને આજ્ઞા કરી કે 'રાત્રી ઘણી પસાર થઈ ગઈ છે તો તમે સર્વો સંતો આરામ કરો.' વાલમનું આવું વેણ સાંભળી નવ દીક્ષિત સંત ગુણાતીતાનંદ સ્વામીએ તુરંત કહ્યુ કે, 'કોઈ મહત્વનું કામકાજ હોય તો તો આવી જ્ઞાનની વાતો છોડી કદાચ જવું પડે, પરંતુ આપ જો આરામ કરવાની જ આજ્ઞા કરતા હો તો અમારી પ્રાર્થના છે કે આપના દર્શન અને વાતો તેમાં જ અમને સંપૂર્ણ આરામ અને શાંતિ મળે છે. નવા જ સંતની આવી શ્રદ્ધા જોઈને હરિવર આશ્ચર્યચકિત થઈને બે ક્ષણ તેમની સામે જોઈ રહ્યા ! અને સ્વામી પણ મહારાજની દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવી, હરિવરની સામુ જોઈ જ રહ્યા ! ત્યાં બેઠેલા સર્વ સંતો આ પ્રસંગ અવાક બનીને નિહાળી જ રહ્યા.

તેઓ થોડીવાર મહારાજ સામુ જુએ તો ઘડીવાર સ્વામી સામુ જુએ. તેટલામાં મહારાજે મંદ મંદ હસતા પોતાની દૃષ્ટિ પાછી ખેંચી લીધી. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, 'સ્વામી ! આ સાધુ બહુ જ સમર્થ છે અને અમને અખંડ ધારી રહ્યા છે.' ને એમને અમારી વાતો સાંભળવાની ભૂખ છે.

## દર્શનના પ્યાસી

ચોમાસાની ઋતુ હતી. ધીરે ધીરે વરસાદ પડતો હતો. કૃષ્ણપક્ષ હોવાથી અંધારુ રેલાય રહ્યુ હતુ. સંવત ૧૮૬૮ના વર્ષમાં ગઢપુરમાં એક વખત હરિવર સંતોની સભામાં જ્ઞાનરસ વરસાવતા હતા. મુક્તાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વિગેરે જ્ઞાનરસનું પાન કરી રહ્યા હતા. શ્રીહરિએ કેટલીક વાર સુધી સભામાં વાતોની હેલી વરસાવી. પછી દરબારમાં બાઈઓને વાતો કરવા પધાર્યા. શ્રીહરિના દર્શનની જેમને એક ઘડી પણ તૃપ્તિ થતી નથી એવા દર્શનના પ્યાસી ગુણાતીતાનંદ સ્વામી મહારાજના દર્શનની વધારે પ્યાસ હોવાથી ભણનારા સાધુઓના ઓરડાની ભીંતે જ્યા વરસાદથી બચી શકાય એવી જગ્યાએ જરા ઓથ લઈ ઊભા હતા, પરંતુ નેવાના પાણીથી ભીંજાતા હોવા છતાં મહારાજના આગમનની રાહ જોતા થકા ઊભા હતા. આ સમયે મુક્તાનંદ સ્વામી કોઈ કારણસર ઓરડાની બહાર આવ્યા અને અંધારામાં નેવા નીચે ઊભેલા કોઈ સંત લાગે છે એમ ધારી તેમણે પૂછ્યુ કે, 'એ કોણ ત્યાં ઊભુ છે ? ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યુ કે, 'સ્વામી ! એ તો હુ નિર્ગુણાનંદ છું.' આથી મુક્તાનંદ સ્વામીએ ફરી પૂછ્યુ કે, 'આટલી મોડી રાતે હજુ કેમ ઊભા છો ? જાઓ અને સૂઈ જાવ. આથી સ્વામી મુક્તાનંદ સ્વામીની પાસે આવી હાથ જોડતા કહ્યુ કે, 'સ્વામી ! મહારાજ દરબારમાં વાતો કરવા પધાર્યા છે. તો હમણા આવશે. તેથી દર્શનના પ્યાસથી ઈંતજાર કરુ છુ. સ્વામીની દર્શનની આટલી પ્યાસ અને તલસાટ નિહાળી મુક્તાનંદ સ્વામી અતિ રાજી થયા અને પોતાના આસને ગયા. આ બાજુ ગુણાતીતાનંદ સ્વામી મહારાજની રાહ જોતા થકા બે કલાક ઊભા રહ્યા. મોડી રાતે શ્રીહરિ અક્ષર ઓરડીએ પોઢવા જતા હતા ત્યારે અંધારામાં હરિવરના મનભરીને દર્શન કર્યા અને પોતાની પ્યાસ મીટાવીને ગામ બહાર પોતાના આસન હતુ ત્યાં એક વૃક્ષના થડના ઓથે પોઢી ગયા. આવી સ્વામીશ્રીને મહારાજના દર્શનની પ્યાસ અને તલસાટ હતી.

સંવત ૧૮૭૫ની સાલમાં શ્રીહરિ સંતો અને કાઠી અસવારો સાથે જતા હતા તે રસ્તામાં સત્સંગીઓનું ગામ આવ્યું. આથી સૌએ મહારાજને જમીને જ આગળ જવા આગ્રહ કર્યો. પરંતુ મહારાજને ઉતાવળ હોવાથી રસોઈની ના પાડી અને કોરો નાસ્તો કરવાનું કહ્યું. તેથી હરિભક્તોએ લાડુ બનાવડાવ્યા. તે મહારાજે સૌને એક એક લાડુ વહેંચી આપ્યો. પછી મહારાજ તથા સૌ આગળ ચાલ્યા. મહારાજ ઘોડી ઉપર બિરાજમાન હતા અને સ્વામી નીચે ચાલ્યા આવતા હતા. સ્વામીને મહારાજના દર્શન કરવાની અતિ તાણ હતી. તેથી મહારાજની સાથે રહેવા માટે દોડવું પડે. તેથી સ્વામી મહારાજની આગળ પાછા પગે દોડતા જાય અને મહારાજની મૂર્તિના દર્શન કરતા જાય. આમ સ્વામી કેટલીક વાર આડા રસ્તામાં, ખેતરોમાં, કાંટા-કાંકરાઓમાં શરીરનું ભાન ભુલીને હરિવરના દર્શન માટે દોડતા ગયા અને માણીગર માવના દર્શન કરતા ગયા. આમ અક્ષરાધિપતિના દર્શનની આવી ઝંખના સ્વામીને રહેતી હતી.

સંવત ૧૮૬૮ના ફાગણ માસમાં શ્રીહરિએ સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર હુતાશનીનો સમૈયો કર્યો ત્યારે આનંદનાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, રામદાસ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વગેરે અનેક સંતો સાથે શ્રીહરિ રંગે રમતા જાય ને કીર્તન ગાતા જાય તેમાં ''સો જોગીયા મેરે જુગો જુગ જીવો જોગીયા'' એ કીર્તન પોતે બોલે ને સર્વેને બોલાવે અને ડોલતા જાય અને જોગીયા શબ્દ ઉપર ભાર દઈને તેને પુનઃ પુનઃ ઊચ્ચારણ કરતા જાય અને ગાતા ગાતા શબ્દ આવે ત્યારે પોતાની છડી શ્રી હરિ ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં અડાડે અને આનંદથી વારંવાર બોલે કે,

**''જુગો જુગ જીવો સો જોગીયા,**
**જુગો જુગ જીવો આવા જોગીયા.''**

આમ રાઠોડ ધાધલને ઘેર સ્વામીનો અદ્ભુત મહિમા શ્રીમુખે પોતે કહ્યો હતો.

## સેવામાં શ્રદ્ધા

(૧) બાવીસ વખત ભેટ્યા એક વખત સુરતમાં મુક્તાનંદ સ્વામી સભા ભરીને બેઠા હતા. સભામાં કથા વાર્તા થતી હતી. તેટલામાં હમણા જાણવામાં આવ્યા નથી. પરંતુ ઘણુ ખરૂ ગઢડે હશે. ત્યારે તે હરિભક્તએ કહ્યુ કે મહારાજ જો ગઢડે હોય તો મારે વાસ, આદુ તથા તીખાનું અથાણું મહારાજ સારુ મોકલવુ છે. અહીથી કોઈ સાધુ પહોચાડે તેવા હોય તો અમને જણાવશો. તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યુ કે, 'મે પણ સતીગીતા લખીને પુરી કરી છે. તે મહારાજ પાસે પ્રસાદીની કરાવવી છે. તે કોઈ ચાલી શકે તેવા સાધુને તૈયાર કરી મોકલીએ જે મહારાજને અથાણાની ભેટ પહોચાડે અને વળી મહારાજના સમાચાર પણ લાવે. આ સાંભળી સભામાંથી કોઈએ કહ્યુ કે, 'એવા તો ગુણાતીતાનંદ સ્વામી છે તેમને મોકલો તો બધુ કામ કરી આવે.' આથી મુક્તાનંદ સ્વામીએ

સ્વામી સામુ જોયુ. તેથી સ્વામી તરત હાથ જોડી ઊભા થયા અને કહ્યુ કે, 'હુ જઈશ.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યુ કે, 'બહુ સારુ તમારી જોડ તૈયાર કરો. પછી સ્વામીએ પોતાની જોડ તૈયાર કરી લીધી અને મુક્તાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે ગઢડા જવા તૈયાર થયા. અથાણાની ત્રણ મોટી બરણીઓ સતી ગીતાનું પુસ્તક અને એક ઉત્તમ સાદડી એટલુ લઈ સ્વામી નીકળવા તૈયાર થયા ત્યારે સુરતના દરેક હરિભક્તોએ સ્વામીએ કહ્યુ કે, 'અમારા વતી મહારાજને ભેટજો.' એમ સભામાં બેઠેલા લગભગ બધા હરિભક્તોએ પોતાનો મહારાજ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો. તે પ્રેમને સાથે લઈ સ્વામી નીકળ્યા. રાત દિવસ ચાલતા ચોથા દિવસે સ્વામી ગઢડા પહોચ્યા. તે વખતે દર્શનની બંધી હતી. તે મહારાજ કોઈને દર્શન દેતા નહિ. તેથી સ્વામીએ ઉન્મત્ત ગંગાની વેળુમાં ઉતારો કર્યો. આથી નાજા જોગીયાએ મહારાજને સ્વામી પધાર્યાના સમાચાર આપ્યા. તેથી મહારાજે સ્વામીને બીજે દિવસ મહા સુદ પૂનમના રોજ કારીયાણી દર્શન કરવા આવવાની આજ્ઞા આપી. પછી મહારાજ કારીયાણી પધાર્યા. ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડામાં ઉતર્યા. હાથ પગ ધોઈ પાટ ઉપર જમતા હતા ત્યાં સ્વામી પધાર્યા ને મહારાજને દંડવત કરવા લાગ્યા. તેથી મહારાજ એકદમ બાજોઠ ઉપરથી ઊભા થઈ ગયા અને કહ્યું "રાખો, રાખો." પછી મહારાજ જમવા બેઠા તે સ્વામી બરણીમાં અથાણું લાવ્યા હતા તે મહારાજને જમવા આપ્યુ. તે મહારાજ ભોજન જમતા જાય અને થોડી થોડી વારે પ્રસાદી સ્વામીને આપતા જાય અને મુક્તાનંદ સ્વામીના તથા સુરતના હરિભક્તોના સમાચાર પૂછતા જાય. મહારાજ જમી રહ્યા. પછી સ્વામીએ મહારાજને કહ્યુ કે, 'સુરતના હરિભક્તોએ તેમના વતી આપને ભેટવાનું કહ્યુ છે.' ત્યારે મહારાજ હસીને બોલ્યા કે એમના વતી તમને ભેટવાથી શો લાભ છે ? આથી સ્વામીએ કહ્યુ કે, 'મહારાજ એ તો આપ જાણો.' હુ તો માત્ર ચીટ્ટીનો ચાકર છુ. આપ જેમ કહો તેમ કરીશ. સ્વામીની આવી નિર્દોષ વાણી સાંભળી મહારાજ તરત જ ઢોલીયા પરથી ઊભા થઈને બોલ્યા કે 'સ્વામી ! તમે એક પછી એક હરિજનોના નામ બોલતા જાવ અને અમને ભેટતા જાવ. પછી સ્વામીએ એક પછી એક બાવીસ હરિજનોના નામ બોલતા ગયા અને મહારાજ સ્વામીને બાથમાં ઘાલીને ભેટતા ગયા. પછી સ્વામી મહાજ પાસે પાંચ દિવસ સુધી કારીયાણીમાં રહ્યા. તે દરરોજ મહારાજ પ્રસાદી આપે અને વાતો કરે એમ પોતાનો રાજીપો દર્શાવે. પછી મહારાજે સ્વામીને સુરત જવા આજ્ઞા કરી અને પોતે ગઢડા પધાર્યા.

## કારીયાણીમાં માંદા સંતોની સેવામાં

એકવાર શ્રીજી મહારાજ રામનવમીનો સમૈયો કરવા ગઢપુરથી વડતાલ જતા કારીયાણીમાં રોકાયા. પરંતુ અહી ૧૮ સંતો માંદા પડ્યા. મહારાજે સભામાં કહ્યું કે, 'માંદા સંતોની સેવામાં કોણ રોકાશે ?' સર્વને મહારાજની સાથે વડતાલ સમૈયામાં જવાની ઈચ્છા હોવાથી કોઈ સંત તૈયાર ન થયા. આથી મહારાજે કહ્યુ કે, 'જે આ માંદા સંતોની સેવામાં રહેશે તેને સો સમૈયાનું ફળ હું આપીશ.' તો પણ કોઈ સંતે હા પાડી નહિ. તેથી ગુણાતીતાનંદ સ્વામીને થયુ કે મહારાજનું વેણ હેઠુ ન પડવું જોઈએ. આથી સ્વામીએ કહ્યુ કે, 'મહારાજ ! હું સેવામાં રહીશ.' તે સાંભળી મહારાજ અતિ રાજી થયા અને સ્વામીની માથે બે હાથ મૂક્યા અને કહ્યું કે, 'રંગ છે સ્વામી તમને કે તમે વચન હેઠુ પડવા દીધુ નહિ.' પછી મહારાજ સંતમંડળ સાથે વડતાલ સમૈયે પધાર્યા. કારીયાણીમાં સ્વામીએ માંદા સંતોની અત્યંત મહિમા પૂર્વક સેવા કરી. તેથી થોડા દિવસોમાં સંતો સાજા થઈ ગયા. હજુ સમૈયાના આડા ચાર પાંચ દિવસ બાકી હતા. તેથી સ્વામીએ સર્વે સંતોન કહ્યું કે, 'તમો સહુ રજા આપો તો હુ સમૈયામાં વડતાલ જાઉ.' તેથી સૌ સંતો રાજી થયા અને કહ્યુ કે, 'મહારાજને અમારા વતી ભેટજો.' પછી સ્વામી માંદા સંતોને રાજી કરી વડતાલ મહારાજની પાસે પહોચી ગયા. સ્વામીને જોઈને મહારાજ ખૂબ જ રાજી થયા અને બધા સંતો વતી મહારાજ સ્વામીને અઢાર વખત ભેટ્યા અને રાજીપો દર્શાવ્યો.

એક વખત સદ્. શ્રી આત્માનંદ સ્વામીના શરીરે ખસ થઈ હતી. તેથી તેમની તબિયત બરાબર રહેતી નહિ. આથી ગુણાતીતાનંદ સ્વામી તેમની સેવામાં રહ્યા હતા. આત્માનંદ સ્વામી ભાલ દેશમા ફરતા ફરતા ગઢપુર આવ્યા ત્યાં એક દિવસ રોકાયા. ત્યાથી બીજે ગામ જવાનું હતુ. સ્વામીની ઉંમર મોટી હતી અને તબિયત નાદુરસ્ત હતી તેથી ચાલી શકાય એવી સ્થિતિ નહોતી. આ જોઈ એક હરિભક્તે પોતાનું ગાડુ લઈ બપોર પછી સ્વામીને બીજે ગામ મુકવા જતા હતા. રસ્તામાં બહારવટીયાનો ભય હોવાથી રસ્તો ખરાબ હોવા છતા ગાડાવાળો ગાડુ ઉતાવળે હાકતો હતો. આથી સદ્. શ્રી આત્માનંદ સ્વામીને ફાવતુ ન હતુ. સ્વામીએ ગાડુ ઉતાવળુ હાકવાનું કારણ જાણી તેને રસ્તામાંથી જ રજા આપી પાછો મોકલી દીધુ. પછી સંતો ચાલતા ચાલતા સંધ્યા સમયે નદી કાંઠે એક ગામ આવ્યુ ત્યાં પહોચ્યા. સદ્. શ્રી આત્માનંદ સ્વામી તથા બધા સંતો ચાલીને થાકી ગયા હતા. તેથી સહુ ઝાડ નીચે સુઈ ગયા. પરંતુ ગુણાતીતાનંદ સ્વામી એક સંતને સાથે લઈ ગામમાંથી કુંભારને ત્યાંથી માટીના વાસણ લઈ આવ્યા અને લાકડા લાવી ચુલો સળગાવી પાણી ગરમ કરવા મૂક્યુ. પછી સદ્. શ્રી આત્માનંદ સ્વામીને ગરમ પાણીએ નવરાવ્યા. પછી

પોતે ગામમાં જઈ ભિક્ષા માંગી આવી સહુ સંતોને જમાડ્યા. રાતની સભામાં સ્વામીએ કીર્તન ગાયા. (ગુણાતીતાનંદ સ્વામીને ૫૦૦ કીર્તનો મુખપાઠ હતા.) સ્વામીની આવી સેવા ભાવના જોઈ સદ્. શ્રી આત્માનંદ સ્વામી ખૂબ જ રાજી થયા.

## વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં

એકવાર ઉત્તર હિંદુસ્તાની સંત વિશ્વરૂપાનંદ સ્વામી માંદા પડ્યા. તે મહારાજ પાસે આવતા મહારાજને જોઈ રડી પડ્યા. તે સ્વભાવે બહુ આકરા હતા. તેથી તેમની સેવામાં કોઈ એક-બે દિવસથી વધારે કોઈ રોકાય નહિ. આથી મહારાજે સ્વામીને બોલાવી વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં રોકાઈ જવાનુ કહ્યુ કે, 'એક તો આપને સેવા થશે અને બીજુ અમારો મહિમા સમજાશે. વાલમના વેણના ઈશારે સ્વામી વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં લાગી ગયા. સ્વામી ખૂબ જ ભાવથી સેવા કરતા હતા. છતાં તેમની માંદગી વધવા લાગી. ધીમે ધીમે તેમને દેહભાન ભુલાવા લાગ્યુ અને આત્માના સ્વરૂપનું જ્ઞાન થવા લાગ્યુ. પોતાના પૂર્વનું જ્ઞાન પણ તેમને થયું. તેથી તેઓ અચાનક બોલી ઊઠ્યા : 'ઓહો ! જિસને બ્રહ્માંડ બનાયા ઉસકો સહજાનંદ સ્વામીને ઈસ દેહ મેં ડાલ દીયા ! પારેવા કા પીંછ બના દીયા !' આ શબ્દો સાંભળી સ્વામી હસી પડ્યા. પછી બોલ્યા 'સ્વામી ! સૂઈ જાવ. તમારાથી પણ ઘણા મોટા આ સત્સંગમાં આવ્યા છે. માટે એ બધુ ભુલીને મહારાજની મૂર્તિ સંભારો.'

## તિલકનું પ્રવર્તન

શ્રીહરિએ પાંચાળામાં ફુલદોલનો સમૈયો કર્યો હતો. તે સમયે સૌને તિલક કરી લાવવાની આજ્ઞા કરી. બધા સંતોએ તિલક કરી લાવ્યા. સૌએ પોતપોતાના તિલક મહારાજને બતાવ્યા. તેમાં સ્વામીએ પણ પોતાનું તિલક હરિવરને બતાવ્યુ કે, 'જુઓ અમારા તિલક ! તે જોઈ માણીગર બહુ જ રાજી થયા અને સર્વને સ્વામીના કપાળમાં રહેલુ તિલક બતાવતા કહ્યુ કે, 'આ પ્રમાણે સહુ તિલક ચાંદલો કરજો.' આમ ગુણાતીતાનંદ સ્વામીના તિલક પરથી એકસરખો અને તિલક ચાંદલો મહારાજે પ્રવર્તાવ્યા.

શ્રીહરિએ પાંચાળામાં ફુલદોલનો સમૈયો કર્યો હતો. તે સમયે સૌને તિલક કરી લાવવાની આજ્ઞા કરી. બધા સંતોએ તિલક કરી લાવ્યા. સૌએ પોતપોતાના તિલક મહારાજને બતાવ્યા. તેમાં સ્વામીએ પણ પોતાનું તિલક હરિવરને બતાવ્યુ કે, 'જુઓ અમારા તિલક ! તે જોઈ માણીગર બહુ જ રાજી થયા અને સર્વને સ્વામીના કપાળમાં રહેલુ તિલક બતાવતા કહ્યુ કે, 'આ પ્રમાણે સહુ તિલક ચાંદલો કરજો.' આમ ગુણાતીતાનંદ સ્વામીના તિલક પરથી એકસરખો અને તિલક ચાંદલો મહારાજે પ્રવર્તાવ્યા.

## આ જેવા કોઈ સાધુ નહિ

પરમહંસોની પંક્તિમાં મુક્તાનંદ સ્વામીને ભાયાત્માનંદ સ્વામીની વચ્ચે ગુણાતીતાનંદ સ્વામી જમવા બેઠા ત્યાં જઈને વંથલીવાળા કલ્યાણભાઈને મહારાજ કહે કે, 'બે વાઘ વચ્ચે બકરી.' એમ હાસ્ય કરીને સ્વામી સામે આંગળી કરીને કલ્યાણભાઈને કહ્યુ કે, 'આ જેવા કોઈ સાધુ નહિ ને હુ જેવો કોઈ ભગવાન નહિ.'

## હરિવરની સાથે એકતા

એકવાર સ્વામી તથા કૃપાનંદ સ્વામી ઉન્મત્તગંગામાં નહાવા ગયા હતા. ત્યાં ખળખળીયામાં સ્નાન કરતા સ્વામીનો એક પગ ભેખડની બખોલમાં પેસી ગયો. સાંકડી બખોલમાં એવો સજ્જડ પેસી ગયો કોઈ રીતે નીકળ્યો નહિ. આ બાજુ મહારાજ અક્ષર ઓરડીમાં સભામાં વાત કરતા કરતા બોલ્યા કે 'સંભાળીને કાઢજો નહીતર પીડા થાશે.' આ રીતના શબ્દો સાંભળી સભામાં બેઠેલા બ્રહ્માનંદ સ્વામીએ હરિવરને પૂછ્યું કે, 'હે મહારાજ ! આપ કોની સાથે આવી રીતે વાત કરો છો ? એટલે ફરી એજ વેણ કાઢતા વાલમ બોલ્યા કે, 'સંભાળીને પગ કાઢો નહિ તો ભાંગી જશે.' આથી મૂળજી બ્રહ્મચારી એકદમ ઊભા થયા અને કહ્યુ કે, 'મહારાજ ! આપ તો ઢોલીયા પર વિરાજમાન છો તો આપનો પગ અહી ક્યાંથી ભાંગે ? મહારાજે કહ્યું કે, 'ગુણાતીતાનંદ સ્વામીનો પગ ખળખળીયે નહાવા ગયા છે ત્યાં બખોલમાં આવી ગયો હતો. તેથી ત્યાં તેમને દર્શન દઈને વાત કરતા હતા. તે સ્વામીનો પગ માંડ કાઢ્યો. આ પ્રમાણે સ્વામીને મહારાજની સાથે આવી એકતા હતી.

એક વખત સ્વામી વડતાલમાં માંદા સાધુની સેવામાં રહ્યા હતા. ૧૮ માંદા સાધુની ગોદડીઓ ધોવા જતાં તે ધોઈને ૧૮ ભીની ગોદડીઓ બે ખભા ઉપર નાંખી મહારાજની મૂર્તિ ધારીને સ્વામી આવતા હતા. તેથી મહારાજને ખૂબ પરસેવો વળ્યો. આથી મહારાજ અકળાય ગયા. તેથી ભગુજીને કહ્યુ કે, ''પેલા સાધુએ મારા પર ભાર મૂક્યો છે માટે જાવ અને તેમના ખભા પરથી ગોદડીઓ ઉતારીને અહી લઈ આવો ત્યારે મને શાંતિ થશે.'' પછી ભગુજીએ ત્યા જઈ ગોદડીઓ લઈ આવ્યા ત્યારે મહારાજને શાંતિ થઈ. સ્વામીશ્રીને હરિવરની સાથે આવુ એકાત્મપણું હતુ. પછી મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેને બોલાવીને મોટી સભા ભરીને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, ''આ સાધુને ઓળખો છો ? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, ''તે તો બહુ જ મોટા છે. શાસ્ત્રમાં જે જે સાધુતાના લક્ષણ લખ્યા છે તે સર્વે તેમનામાં છે. કથા-કીર્તન-ભજન અખંડ કર્યા કરે છે ને ત્યાગની તો અવધિ નથી ને ભક્તિમાં તો ભરપુર છે.'' તે સાંભળી શ્રીહરિએ કહ્યુ કે, ''આ

તો સામાન્ય મોટપ કહી, પણ એમની તો મોટપ વિશેષ છે. જેમ સાણસામાં સાપ પકડ્યો હોય તેમ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને વિશે અમારી મૂર્તિ અખંડ પકડી છે અને આ જેટલા માણસ અમારી કેડે ફરે છે તેટલા માણસ તેમની કેડે ફરશે. સર્વેને સમાગમ કરવાને લાયક એવા મોટા છે.'' તે સાંભળી મુક્તાનંદ સ્વામી વગેરે બહુ રાજી થાય.

## જુનાગઢ મંદિરના મહંત

એક દિવસ સંવત ૧૮૮૩ના ચૈત્ર સુદ ૧૫ના રોજ શ્રીહરિએ ગઢપુરમાં મોટા મોટા સદ્‌ગુરૂઓને બોલાવીને એક સભા કરીને વાત કરી કે, 'જુનાગઢ જવા કોણ તૈયાર છે ? સૌને શ્રીહરિના દર્શનનો લોભ હતો અને જુનાગઢની પરિસ્થિતિ અતિ વિકટ હતી તેથી કોઈ જવા તૈયાર થયુ નહિ. વાલમના વેણને અધરોઅધર જીલનારા ગુણાતીતાનંદ સ્વામીએ દંડવત કરી કહ્યુ કે, 'મહારાજ ! હુ જુનાગઢ જાઉ છુ.' સ્વામીની આવી તૈયારી જોઈ મહારાજ ઊભા થયા અને કહ્યુ કે, 'સ્વામી ! ભાતુ બંધાવીએ છીએ કે જુનાગઢ જે તમારી ભેગા આવશે કે તમારી મદદમાં રહેશે તથા તમારા દર્શન સમાગમ માટે આવશે તેની કરોડ જન્મની કસર હુ એક જન્મમાં જ ટાળી દઈશ.' આટલી વાત કરી પોતાના રાજીપા રૂપી કુસુમ માળા શ્રીહરિએ પોતાના કંઠમાંથી કાઢીને સ્વામીને પહેરાવી દીધી એટલુ જ નહિ પોતાના મસ્તક પરથી પાઘ પણ ઉતારીને સ્વામીના મસ્તક પર મૂકી દીધી. આમ સ્વામીએ હરિવરના રાજીપા રૂપી જુનાગઢની મહંતાઈ સ્વીકારીને પછી માણીગર માવ પાસે માંગ્યુ કે, 'મહારાજ ! આ ગોપાળાનંદ સ્વામી દર વર્ષે એકવાર જુનાગઢ આવે એવી અનુકૂળતા કરી આપો. આથી સુંદરવરે સ્વામીની આ માંગણીને સ્વીકારીને વર આપ્યો કે ગોપાળાનંદ સ્વામી દર વર્ષે એક મહિનો જુનાગઢ આવશે. આ રીતે શ્રીહરિને રાજી કરી સ્વામી તત્વાનંદ સ્વામીની સાથે વૈશાખ સુદ-૧૪ ના રોજ જુનાગઢ આવ્યા.

## સ્વામીના જામીન અમે છીએ

એક વખત શ્રીહરિએ પરમહંસોને કહ્યું કે, 'પંચ વર્તમાન તમે દૃઢ પાળો છો અને ભવિષ્યમાં પણ પંચ વર્તમાન આવી રીતે દૃઢ પાળો ત્યારે તેના માટે અરસ પરસ જામીન આપો.' સૌ સંતોએ પોત પોતાના જામીન આપ્યા. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુ કે, 'આ ગુણાતીતાનંદ સ્વામીના જામીન કોણ થશે ? ત્યારે શ્રીહરિ મંદ મંદ હસતા બોલ્યા કે, 'તેમના નિરંતરના જામીન અમે છીએ.'

સંવત ૧૮૫૫ના શ્રાવણ માસમાં જન્માષ્ટમીના સમૈયા પર સ્વામી શ્રીહરિના દર્શને ગઢડે આવ્યા, ત્યાં અક્ષર ઓરડીમાં મહારાજને દર્શને ગયા. આ સમયે મહારાજ પાસે શુકસ્વામી બેઠા હતા. તે સ્વામીને આસન આપવા ઊભા થયા ત્યારે મહારાજે કહ્યુ કે, 'તેમની મોટપ આસનથી નથી અનાદિની છે.' સંવત ૧૮૮૬માં શ્રીહરિ સ્વધામ પધારવા તૈયાર થયા ત્યારે પોતે આપેલ વચન મુજબ ગુણાતીતાનંદ સ્વામીને જુનાગઢથી બોલાવી લીધા. સ્વામીશ્રી જેઠ સુદ-૬ ને દિવસે ગઢડે પહોચ્યા. શ્રીજી મહારાજે સ્વામીશ્રીને પોતાની સમીપે બોલાવ્યા ત્યારે સ્વામી તેમની સામે ઘણીવાર જોઈને નીચેનું કીર્તન બોલ્યા :

**''મીઠા વાલા કેમ વિસરૂ, મારુ તમથી બાંધેલ તન;**
**તરસ્યાને જેમ પાણીડુ વાલુ, ભુખ્યાને ભોજન.''**

શ્રીહરિ સ્વધામ પધાર્યા તે દિવસે સ્વામીશ્રી તુંબડી લઈને ચાલ્યા આવતા હતા. ત્યાં ધોરીયાના કાંઠા ઉપર કોમળ લીલી ધ્રો જોઈ સ્વામીને વિચાર આવ્યો કે આ ધ્રોનું જીવન જળ છે તેને લીધે તે આનંદથી પ્રફુલ્લિત છે પણ હવે આપણુ જીવન તો ગયુ. આ વિચાર આવતાની સાથે જ સ્વામીશ્રી મૂર્છાવશ થઈ એકદમ પૃથ્વી પર ઢળી પડ્યા. શ્રીહરિએ એકાએક ત્યાં આવી સ્વામીને જાગ્રત કરી સ્વસ્થ કર્યા ને આલિંગન કરી કહ્યુ કે, 'સ્વામી ! આ શુ ? હુ શુ ગયો છુ ? હુ તો તમારામાં અખંડ રહ્યો છુ.' એમ કહી આશ્વાસન આપી અંતર્ધાન થઈ ગયા.

## ગુણપ્રશંસક

સ્વામીએ સંતો ભક્તોના ગુણ ગુણગ્રાહક દૃષ્ટિથી ગાયા છે. જેનામાં જેવા ગુણો દેખાતા તેના ગુણોનું વર્ણન ખેલદિલીપૂર્વક ને નિખાલસતાથી કરતા. તેથી જ સ્વામી વાત કરતા કહેતા કે 'ભગવાન અને ભગવાનના ભક્તના ગુણ ગાવા જેથી જીવ બ્રહ્મરૂપ બની જાય.' જેમના અંતરમાં જેમના પ્રત્યે અપરંપાર દિવ્ય ભાવ છે એવા રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીની પ્રશંસાને વિસ્તરતા સ્વામી કહે છે કે, 'ગોપાળાનંદ સ્વામી તો દરિયા જેવા ! તે તો અનંત જીવને સુખીયા કરી નાંખે એવા હતા. એમ કહીને બોલ્યા જે, જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા, તેવા તો જણાણા જ નહિ !

મહારાજના એક એક શબ્દને જીવનની દીવાદાંડીરૂપ માનતા એવા સ્વરૂપાનંદ સ્વામીની વાત કરતા સ્વામી કહે છે કે, 'એક શબ્દે કરીને તો સ્વરૂપાનંદ સ્વામીને જ્ઞાન થાય ને આપણને તો કરોડ શબ્દ પડે ત્યારે જ્ઞાન થાય, પણ તરત ન સમજાય. વિષયના વાયરા પણ જે સંતની વૃત્તિને ફગાવી ન શકે એવા કૃપાનંદ સ્વામીની પ્રશંસા કરતા કહે છે કે, 'કૃપાનંદ સ્વામી તો ગંગા જેવા ! તે જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં

ચાલ્યો જાય છે, તે કોઈનો હઠાવ્યો હઠે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી હઠે નહિ.' જગતના સુખને ઠોકરે ચડાવીને ભક્તિ કરતા ભક્તોને બિરદાવતા કહે છે કે, 'આપણામાં તો વિષયની અરૂચિ તો નિષ્કુળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, માવો ભક્ત તથા રણછોડજી ઉનાવાળા એવા ઘણાકને હશે... વળી સર્વનિવાસાનંદ સ્વામીના વૈરાગ્યનું મૂલ્ય કરતા કહે છે કે, 'સર્વનિવાસાનંદ સ્વામીએ બંધન તોડીને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો.' તેમ જ સ્વામી એક નાના સાધુ નિરંજનાનંદ સ્વામીની વાત કરતા કહેતા કે, 'નિરંજનાનંદ સ્વામી પાસે બેસે તો અંતર ટાઢુ થઈ જાય.' આમ માવાભક્તથી માંડીને રઘુવીરજી મહારાજ સુધી અને નિરંજનાનંદ સ્વામી જેવા નાના પરમહંસથી માંડીને સત્સંગના સ્તંભ સમા ગોપાળાનંદ સ્વામી જેવા સંતોની મુક્ત કંઠે પ્રશંસાના સૂર રેલાવ્યા હતા.

## અક્ષરવાસ


આ પ્રમાણે ૪૧ વર્ષ જુનાગઢના મંદિરમાં રહી શ્રીજી મહારાજના અલૌકિક પ્રતાપની ઘણી વાતો કરી સંવત ૧૯૨૩ના ભાદરવા વદી ૩ ને દિવસ સવારના પહોરમાં પોતાને હાથે સર્વે સંતને તથા સર્વે હરિજનને કાકડીની પ્રસાદી આપીને છેલીવારે સર્વ સંત તથા હરિજનને મળીને જુનાગઢના મંદિરમાંથી પોતે ફરવા પધાર્યા તે વખતે બોલ્યા જે, ''ચાલીસ વર્ષ, ચાર મહિના ને ચાર દિવસ એટલુ આ મંદિરમાં રહ્યા. હવે ફરવા જઈએ છીએ તે સત્સંગમાં ફરશું.'' એમ કહીને સંત મંડળ સહિત ફરવા પધાર્યા. સ્વામી બીજા ગામ ફરતે ફરતે સંવત ૧૯૨૩ના આસો સુદ ૯ને દિવસ સવારમાં ગોંડલ મંદિરમાં પધાર્યા. ત્યાં ગોંડલના હરિભક્તોને સુખ આપી સંવત ૧૯૨૩ના આસો સુદ-૧૨ ને ગુરૂવારના રોજ સ્વામી સ્વસ્તિક આસન વાળી ધ્યાનમાં તલ્લીન થઈ ગયા. આ બાજુ રાત્રે ૧:૪૫ ના સમયે અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમનારાયણ અસંખ્ય વિમાનો સાથે અસંખ્ય મુક્તોને લઈને આવ્યા. સ્વામી જેમ ધામથી ધરા પર પધાર્યા તેમ ધરાથી ધામમાં પધાર્યા. જેમ વૃક્ષ પરથી સહજતાથી પીળુ પર્ણ ખરે તેમ સ્વામીએ સહજતાથી દેહનો ત્યાગ કરી દીધો.

## સ્વામીની વાતોની કેટલીક વાતુ ટુંકમાં...

એ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, યૌવન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું તથા કચરો ને કંચન એ સર્વે સરખુ થઈ જશે ને કાંઈ દીઠુ નહિ ગમે એવુ થાશે. – સુકાઈ જાઓ, અન્ન મૂકુ દીયો, વનમાં જાઓ કે ઘર મૂકી દીયો તે કરતાં આ સાધુની વાતુ સાંભળવી તે અધિક છે, – આ તો પુરૂષોત્તમના વચન છે ને ગુણાતીત વાતું છે ને આ વાતુમાંથી તો અક્ષરધામ દેખાય છે તે ભગવાન તે ભગવાન અક્ષરધામ ને મુક્તને લઈને એવા ને એવા જ આવ્યા છે. તેમાં ફેર ન સમજવો, ને મહિમા સમજાતો નથી તેથી જીવ દુબળો રહે છે. આ વાતુ તો જાદુ છે તે સાંભળે તે ગાંડો થાય. ગાંડો શું ? જગત ખોટું થઈ જાય. – આ વાતુના કરનારા દુર્લભ છે, મનુષ્ય દેહ દુર્લભ છે અને દેહે કરીને સાજા રહેવુ તે પણ દુર્લભ છે, માટે ભજન કરી લેજો. – જ્ઞાન દઈને જેવું થાય તેવુ દૃષ્ટિએ કરીને થતું નથી. – આતો અનંત ભગવાનના ભગવાન છે એટલુ જ કહીએ છીએ. એથી આઘુ કેટલુ કહીએ. તે આપણા ઘરમાં આવીને બેઠા છે, આ તો કુબામાં જેમ હાથી બાંધે તેમ છે. – ભગવાન અને સાધુને આશરે વાદળ જેવડા દુઃખ આવવાના હોય તે પણ ટળી જાય. – કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે. – ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સર્વે સાધન થઈ રહ્યુ, કાંઈ કરવું બાકી રહ્યુ નહી. – નાડીયું તણાઓ કે ન તણાઓ અને સાંખ્ય ને યોગ કરતાં પણ ભગવાનનું સર્વોપરીપણું સમજવું તે શ્રેષ્ઠ છે. – મારો દેહ પચીસ વર્ષ આવરદા વિનાનો રહ્યો છે તે શા સારુ ? જે મુમુક્ષુના રૂડાને અર્થે રહ્યો છે, ને મહારાજનું સ્વરૂપ સમજાવવુ પડે તે સારુ અમને રાખ્યા છે. – આ સાધુ તો ભગવાનની હજુરના રહેનારા છે ને પળમાત્ર છેટે રહે એવા નથી; ને છેટે રહે છે તે જીવના કલ્યાણને અર્થે છે. – ભગવાનનું ને આવા સાધુનું જ્ઞાન જેને થયુ છે તેને કાંઈ કરવુ રહ્યુ નથી. – તે તો આંહી છે તો પણ અક્ષરધામમાં જ બેઠા છે. જેમ ભગવાનના ગુણનો પાર ન આવે તેમ આ સાધુના ગુણનો પણ પાર નહિ. મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં નહિ જવાય ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં નહિ રહેવાય. – બ્રહ્મરૂપ તો એમ થવાય જે આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે. – મહારાજની મૂર્તિ વિના અને આવા સાધુ વિના પ્રકૃતિ પુરૂષ સુધી રાખના પડીકા જ છે. – અનંત અવતાર તે સર્વે એક ભગવાનનું દીધુ ઐશ્વર્ય પામ્યા છે. – આવો સમો પૃથ્વી ઉપર આવ્યો નથી ને આવશો પણ નહિ. આ સાધુ પણ આવ્યા નથી ને આવશે નહિ ને આ ભગવાન પણ આવ્યા નથી ને આવશે નહિ. – અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થાશે પણ આ સાધુને આ ભગવાન તે આવ્યા નથી ને આવશે પણ નહિ. – જેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું તેવી રીતે આ સંતનું સ્વરૂપ પણ સમજવું તો આવા ને આવા અક્ષરધામમાંથી આવ્યા છે એવો પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે; પણ જેવા સાધુ છે એવા ઓળખાતા નથી.

# સર્વોપરી ઉપાસનાના ઉદ્‌ઘોષક
# સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

સાધુ. શ્યામવલ્લભદાસ ગુરુ : પૂ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી -કંડારી ગુરુકુલ



આ સંવત૧૮૮૩ની સાલ છે. વરતાલમાં ગોમતી તળાવના નિમેલ જળ પર સ્મિત વેરતો સૂરજ અસ્તાચળ ભણી ડગ માંડી રહ્યો છે. રાત્રિના અંધકારનાં ઓળા અવનિ પર છવાઇ જાય તે પહેલાં પક્ષિઓનાં ટોળા આભમાં ઊડતા ઊડતા વૃક્ષોની ઘટાઓમાં તેમનાં આવાસ ભણી જઈ રહ્યા છે. ધરતીમાંથી નીકળતી વરાળું હવે થંભી ગઈ હતી. વરતાલની ચારેબાજું અંબવનની ઘટાઓમાંથી શીતળ લહેરો વહી રહી છે. આજે જ વરતાલમાં રામનવમીનો સમૈયો ધામધૂમથી પૂર્ણ થયો.

શ્રીહરિ જોબનપગીની મેડીથી ઉત્તરમાં એક વેદિકા પર  બિરાજમાન છે. મહારાજની ચોતરફ પરમહંસોની સભા અકડેઠઠ ભરાઈ બેઠી છે. સભામાં બ્રહ્મમુનિ પધાર્યા. મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી યથા સ્થાન લીધું.

બ્રહ્મમુનિ મહારાજને કહેઃ મહારાજ ! તમોએ બધા મંદિરોનાં મહંતો નીમ્યાં પણ જૂનાગઢનાં મહંત નીમવાનાં બાકી છે.

માણીગર મંદ મંદ હસતા કહેઃ બ્રહ્મમુનિ ! આજે જ જૂનાગઢના મહંત નીમી દઈએ.

ત્યાં બ્રહ્મમુનિ બાલ્યા : મહારાજ ! જૂનાગઢના મહંત વિચારીને નીમજો કારણકે ત્યાં મુસલમાની રાજ્ય છે. વળી નાગર અમલદારો શિવપંથી છે એટલે ત્યાં સાધારણ મહંતનું કામ નથી. દેશ પણ નિર્ધન અને જાડો છે. તેથી હરિજનોની અનુકુળતા સાચવી શકે તેવા મહંતની જરૂર પડે.

મહારાજ કહેઃ આજે એવા જ મહંત નીમવા છે.

ગુણાતીતાનંદ સ્વામી સભામાં બિરાજમાન હતા. શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને સભામાં ઊભા કર્યા, મહારાજ વેદિકા પરથી ઊભા થઈને ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યાને પોતાનાં કંઠમાં જેટલા હાર હતા તે બધા કાઢીને સ્વામીને પહેરાવ્યા. અને કહ્યુ “ આ જૂનાગઢના મહંત”

સ્વામી તો સ્તબ્ધ થઈ ગયા. બે હાથ જોડીને વિનંતીભાવે મહારાજને કહેઃ મહારાજ મહંતાઈ બીજાને આપોતો સારું હું તો નાનો સાધુ છું.

આ સાંભળી મહારાજે કહ્યુઃ તમે તો બહુ મોટા છો અને અમને તો આ સભામાં જૂનાગઢની મહંતાઈ ચલાવે તેવા બીજા દેખતા નથી તેથી તમને હાર પહેરાવ્યો છે.

સ્વામી તો કંઈ બોલ્યા  નહી સભામાંથી ગોપાળાનંદ સ્વામી ઊભા થઈને ગુમસુમ બેઠેલા સ્વામી પાસે ગયા અને સ્વામીને કહ્યુંઃ મહારાજે રાજી થઈને હાર પહેરાવ્યો છે તો રાખો.

આ સમયે સભામાં પીપલાણાનાં કુરજી દવે બેઠા હતા. તેમને મહારાજે કહ્યું: કુરજી ! જ્યારે રામાનંદ સ્વામી ભૂજથી પીપલાણા પધાર્યા તેનો સંદેશો મુક્તાનંદ સ્વામીને કહેવા તમે લોજ આવ્યા ત્યારે વધામણી રૂપે મુક્તાનંદ સ્વામીએ તમને પોતાનાં માથાનો તરકાળ ભેટ આપ્યો હતો યાદ છે ને ?

"હા ! મહારાજ ! યાદ છે" કુરજી દવે બોલ્યા. મહારાજ કહે, લ્યો ! આજે આ ગુણાતીતાનંદ સ્વામી સોરઠ દેશને આજે કૃષ્ણાપર્ણ કરીએ છીએ સોરઠ દેશનાં સત્સંગીઓને અમારું સુખ અમે યર્થાથપણે આપી શક્યા નથી માટે અમારું સ્વરૂપ સૌને ઓળખાવશે સર્વોપરી ઉપાસના દૃઢ કરાવશે. એમની સેવા અને સમાગમથી બ્રહ્મરૂપ થઈ જવાશે. સૌના હૈયામાં આનંદનાં હિલોળા ઉછળશે.

તે દિવસે સ્વામી જૂનાગઢ જવા નીકળ્યા મહારાજને તથા વડીલ સંતોને સાષ્ટાંગ પ્રણામ કર્યા ત્યારે મહારાજે કોલ આપ્યો કે : જે જૂનાગઢ આવી તમારી અનુવૃત્તિમાં રહી સેવા કરશે તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાખીશું. અમે જૂનાગઢનાં જામીન બનીએ છીએ.

આમ, મહારાજે સંવત ૧૮૮૩ ચૈત્રી સમૈયામાં સ્વામીને જૂનાગઢની મહંતાઈ સોંપીને આશીર્વાદ આપ્યા.

સદ્. શ્રી ગુણીતાતાનંદ સ્વામીના પુનિત પાદારર્વિંદ જૂનાગઢમાં પડ્યા ત્યારથી જૂનાગઢ સંપ્રદાયિક ઈતિહાસ ગગનમાં ગુણાતીત વાતોના પડછંદા ગાજવા માંડ્યા. અને તે વાતો ટૂંકમાં જોઈએ.

આ ભગવાન જેવા સાધુ છે, પણ તેની પાસે રહેવાતું નથી એ મોટી ખોટ છે. (૧/૨૮૯)

કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી છે તેનાં લુંગડા મારે ધોવરાવવા છે ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું છે. (૧/૨૭૬)

આપણે પોતાના સ્વરૂપને અક્ષર માનવું તે ન મનાય તો પણ સ્થૂળ દેહને પોતાનું માનવું નહિ ને મહારાજનો મત તો ત્રણ દેહને ન માનવા ને અક્ષર માનવું. એ જેમ બ્રાહ્મણને ઘેર જન્મ થયો તે બ્રાહ્મણ તેમ આપણને ભગવાન મળ્યા તે અક્ષર માનવું. (૧/૨૫૦)

બ્રાહ્મણનો દિકરો બ્રાહ્મણ કહેવાય, વાણિયાનો દિકરો વાણિયો કહેવાય, તેમ આપણે પુરુષોત્તમની ઉપાસનાનો દેહ બંધાણો તે અક્ષરરૂપ થયા છીએ. માટે પોતાનું સ્વરૂપ અક્ષર માનવું. (૫/૧૩૦)

આપણે ભગવાનના છીએ પણ માયાના નથી એમ માનવું. (૧/૨૩૦)

આમ, સ્વામી પોતાની બળપ્રેરક વાતો દ્વારા ભક્તોનાં હૈયામાં ઉત્સાહની એવી તો ભરતી લાવી દેતા કે સૌ આધ્યાત્મિકતાના કપરા માર્ગે ચાલવા તત્પર થઈ જતા. વડતાલ છાવણીમાં સ્વામીએ પુરુષોત્તમનારાયણના મહિમાની વાતો કરીને પંચ વિષયખંડનની વાતો કરી ત્યારે વાતો સાંભળી ૬૦-૭૦- વર્ષના ભાભાઓ (વૃદ્ધો) ચાંદ્રાયણ અને ધારણાપારણા જેવા વ્રતો કરવા લાગ્યા.

આપણા જીવનમાં જ્યારે નિર્બળ વિચારો સ્ફૂરી આવે ત્યારે આ ગુણાતીતાનંદના જોશીલા બ્રહ્મપડછંદાઓ આપણને સંજીવનીની જેમ પરમ ઉપકારક નીવડશે. ક્ષણ-પ્રતિક્ષણ વિશુદ્ધાન્તઃકરણ બનવાની જીવનમાં ઉત્સુકતા અને જાગૃતિનો જયઘોષ આપશે. આ હજારો અનુભવ સંતો અને ભક્તોના હૈયાનો ઉદ્ગાર છે.

જ્યારે મુમુક્ષુઓના અધ્યાત્મમાર્ગથી પગ લડથડ્યા ત્યારે આ ગુણાતીતાનંદના વચનોએ તેમને હાથ આપ્યો છે. હૈયું હાંફી ગયું ત્યારે હુંફ આપી છે. નિર્બળ થયા ત્યારે બળ પ્રેર્યું છે. જ્યારે સત્સંગમાં સંશય થયો ત્યારે સ્વામીના તાતાતીર જેવા શબ્દોએ સકલ સંશયો ને છેદી નિસંશય બનાવ્યા છે. સત્સંગમાં અને સંતથી ઉદાસ થયા ત્યારે પ્રગટની પ્રાપ્તિનો કેફ ચડાવી ખુમારી આપી જીવનું કંગાલિયતપણું ટાળ્યું છે.

તેથી જે સ્વામીની વાણી કાળની ગર્તામાં લુપ્ત થઈ નથી. અંતે કાળમાં કટાઈ નથી. ગંગાના પ્રચંડ પ્રવાહની જેમ સદા વહેતી રહે છે. ત્રિકાલા બાધિત સત્યની જેમ એમની વાણી વધારે ચમકતી ને રણકતી બની છે.

સર્વોપરી ઉપાસના શ્રીજી મહારાજમાં અનન્ય નિષ્ઠા, આત્મા પરમાત્મા સાથેનું જોડાણ પ્રગટ મહિમા, જીવમાં સોળઆની સત્સંગ તિતિક્ષા, ક્ષમા, જેવા સદ્ગુણોનું સિંચન કરતી તેમની વાણી, શાશ્વત કાળ સુધી લાખો મુમુક્ષુઓને માર્ગદર્શન આપતી રહેશે ? લાખો મુમુક્ષુઓને ભગવાનની ચિરંતન શાંતિનો આસ્વાદ પમાડતી રહેશે.

# ઉત્સવ-દર્શન

સાધુ. નિર્દોષવલ્લભદાસ ગુરુ. પ.પૂ.શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી-કંડારી ગુરુકુલ

## શરદ પૂર્ણિમા



તા. ૨૨-૧૦ નારોજ શરદપૂર્ણિમાનો દિવસ આવી રહ્યો છે.શરદપૂર્ણિમા એટલે સફેદીનું પ્રદર્શન...તે દિવસે ચંદ્ર પોતાની ષોડશ કળાએ ખીલી ઉઠે છે. જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ ચંદ્ર વધારેમાં વધારે પૃથ્વીની નજીક હોય છે. લગભગ સંપૂર્ણ વર્ષમાં તે દિવસે ચંદ્ર સૌથી મોટો લાગે છે. ચોમાસાના ચાર માસ સુધી વાદળ ભર્યા આકાશને કારણે સ્પષ્ટ ચંદ્ર દર્શન થયું હોવાની શરદનો ચાંદ વિશેષ આકર્ષણ કેન્દ્ર બને છે.

ચંદ્ર ''नक्षत्राणांमहं शशी'' વચનાનુસાર ભગવાનની વિભૂતિ છે. સૂર્ય સામી નજર માંડીને જોવું કઠણ છે. પરંતુ ચંદ્ર સામે તો કલાકો સુધી મીટ માંડીને બેસી શકાય છે. કારણ કે તેમાં સુંદરતા અને શીતળતાનો સનમન્વય છે. શરદની ચાંદની માદક અને મોહક છે ચંદ્ર ષોડશકળાએ ખીલીને પોતાની અપૂર્વ કાંતિ ધવલિમાં દશે દિશાઓમાં વરસાવી રહ્યો હોય, રાત્રીના નિસ્તબ્ધ વાતાવરણ ધવલ કુમુદનિઓ મંદ મંદ પવનના જોર ઝૂલતી ઝુલતી તે સફેદીને ઝીલતી હોય તે દ્રશ્ય કેટલું રમણીય બને. ભાગવતજીના આધારે ષોડશકલા પૂર્ણ શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને પણ આજ દિવસે રાસ ક્રીડા કરી હતી.

भगवान्नपि ता: शरदोत्फुल्लमल्लिका

ભગવાને પણ રાસ રમણ માટે શરદ પૂર્ણિમાની રાત્રી પસંદ કરી હતી. તેથી આ દિવસે રાસક્રિડાનો દિવસ પણ કહી શકાય.

અને વળી ૨૨મીએ આવેલ શરદ પૂર્ણિમાએ આપણે પણ નવા તૈયાર થયેલા અનાજના પૌંવા દૂધ સાકર મેળવીને ઠાકોરજીને ધરાવવા. ચંદ્ર સફેદ, દૂધ-સફેદ સાકર અને નિર્મળ હોય તેવું જ આપણું હૃદય પણ નિર્મળ અને સફેદ બનાવી ભાવથી પ્રેમથી આ ઉત્સવ ઉજવવો. ગામમાં મંદિર હોય. ઉત્સાહી ભક્તો હોય તો શ્રી હરિની જેમ સંતો ભક્તો સાથે ક્રીડા કરવી પણ શ્રીકૃષ્ણભગવાનની રાસ-ક્રીડા માત્ર શ્રવણીય ગેય છે. પણ અનુકરણીય નથી તેનું ધ્યાન રાખવું.

## ધનતેરસ




તા. ૩-૧૧-૨૦૧૦ આસો વદ-૧૨ને બુધવાર એટલે કે આવતી ''ધનતેરસ'' ધનતેરસ પૂજનનો દિવસ સવારના ૯-૩૦ પછી ઠાકોરજીના અલંકારનું તેમજ ઠાકોરજીનું પૂજન કરવું.

ધનતેરસ એટલે કે પીયૂષપાણિ ભગવાન ધન્વન્તરિનો જન્મ દિવસ. સંસારમાં રોગાર્ત મનુષ્યો માટે અમૃતકળશ લઈને સમુદ્ર મંથન વેળાએ ભગવાન ધન્વન્તરીનું આ ધરામાં પ્રાગટ્ય થયું. સંસારમાં આયુર્વેદ વિદ્યાનો પ્રચાર કર્યો. તેથી શાસ્ત્રીય ભાષામાં આસો વદ-૧૩ને ધન્વન્તરી જયંતિ અથવા ધન્વન્તરી ત્રયોદશી કહેવાય છે ને લોકભાષામાં ''ધનતેરસ''નામથી ઓળખાય છે.


આ દિવસે લક્ષ્મી પૂજન કરવામાં આવે છે. તેની કથા પણ ખૂબ જ મનોરંજક અને મહત્ત્વપૂર્ણ છે. ''સનત્કુમાર સંહિતામાં'' લખ્યું છે કે એકવાર રાજા બલિએ સમસ્ત ભૂમંડલમાં અધિકાર જમાવીને લક્ષ્મી સહિત તમામ દેવાતાઓને પોતાના કારાગૃહમાં નાંખી દીધા અને પૃથ્વીમાં ચક્રવર્તિ સમ્રાટ બની એક છત્ર શાસન કરવા લાગ્યો. લક્ષ્મીના અભાવમાં સંપૂર્ણ સંસાર ક્ષુબ્ધ થઈ ગયો. યજ્ઞાદિક સત્કાર્યો બંધ થઈ ગયા એ વખતે ભગવાન ઉપેન્દ્રએ દેવોની પ્રાર્થના સાંભળી અને ''વામન'' સ્વરૂપ ધારણ કરી ખુબ જ આસાની

કુશળતા પૂર્વક પરાક્રમી દૈત્યની આસુરી શક્તિ પર વિજય પ્રાપ્ત કર્યો અને લક્ષ્મીએ સહિત દેવતાઓને બંધનથી મુક્ત કર્યાં.

લક્ષ્મી મુક્ત થતાં સંસારમાં આનંદનું સામ્રાજ્ય જામ્યું. લોકોએ મળીને એક સાથે એક સ્વરે ભગવતી લક્ષ્મીનું વિશેષ પૂજન સન્માન કર્યું. ''આર્થિક કાંતિ''નું મહાન પર્વ હોવાથી આ દિવસ એક સ્મરણીય બની ગયો અને પર્વના સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયો. ત્યારથી લઈ આજ દિવસ સુધી ''લક્ષ્મી-પૂજન'' ની અક્ષુણ્ણ પરંપરા ચાલું છે.

ભગવદ્ ભક્તો નીતિ નિયમથી ઉપાર્જિત લક્ષ્મીજીનું પૂજન કરે. લક્ષ્મી પતિવ્રતા છે. ભગવાનને સાથે રાખીને મહેનત કરીએ તો લક્ષ્મી જલદી અને વધુ આવે અને તેમાંથી શ્રી હરિની આજ્ઞા પ્રમાણે દશાંશ-વિશાંશ લક્ષ્મીનારાયણદેવ, નરનારાયણદેવને અર્પણ કરીએ ને લક્ષ્મીજીનું પૂજન કરીએ ત્યારે આપણું લક્ષ્મી પૂજન સાચું કહેવાય.


## નરક-ચતુર્દશી -કાળી ચૌદશ



તા.૪-૧૧-૨૦૧૦ને ગુરુવાર એટલે કે આવતી કાળી ચૌદશ. આ દિવસે નરક ચતુર્દશી પણ કહેવાય છે. તેની પાછળ પણ એક પૌરાણિક કથા જોડાયેલી છે. ''પ્રાગજ્યાતિષપુર''નો રાજા નરકાસુર શક્તિથી શેતાન બન્યો. પ્રજારંજકની બદલે પ્રજાનો રંજાડનાર ભયંકર દૈત્ય બન્યો. સૌન્દર્યનો શિકારી તે સ્ત્રીઓને પણ પજવવાનું છોડતો નહિ. તેણે પોતાને ત્યાં ૧૬૦૦૦ હજાર કન્યાઓને કેદમાં રાખેલ. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે તેની સાથે ઘોર યુધ્ધ કર્યુંઅને સોળ હજાર કન્યાઓ તેમજ રાજ્યની પ્રજાને નરકાસુરના ભયથી મુક્ત કરી તેની સ્મૃતિમાં આસોવદ ૧૪ને નરક ચતુર્દશી કહેવાય છે.

## દીપાવલી

''દીપ''ની આવલી અર્થાત્ પંક્તિ એટલે દીપાવલી તા. ૫-૧૧-૨૦૧૦ શુક્રવાર ને આસો વદ-૩૦ અમાવસ્યાને દીવસે આવતી દીપાવલી વિશે હું કહેવા માંગુ છું. આ દિવસે



દારૂખાનું અબજો રૂપિયાનું ફૂટતું હશે. પણ આસો વદ -૩૦ એટલે દીપાવલી જ કહેવાય. ફટાકાવલી નહી એનું કારણ આપણી સંસ્કૃતિ છે. દીપક એ ''જ્ઞાનજ્યોતિ''નું ચિહ્ન છે.

આ દિવસની સાથે ઘણી ઘણી પુરાણ કથાઓ જોડાયેલી છે (૧) સ્કન્ધ, પદ્મ અને ભવિષ્ય પુરાણોના આધારે મહારાજ પૃથુએ જ્યારે ભાવહીન ભારતને ભારત કરવા માટે પૃથ્વી દોહન કર્યું ત્યારે તેની અભૂતપૂર્વ સફળતાને લક્ષ્યમાં રાખીને ''દીપાવલી મહોત્સવ''નો આરંભ કરાયો છે. (૨) યત્ર તત્ર સમુદ્ર મંથન વખતે ભગવતી લક્ષ્મીજીનો પ્રાદુર્ભાવ થયો તેના આનંદમાં આ ઉત્સવ યોજવામાં આવે છે. (૩) કોળી ચૌદશને દિવસે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે અત્યાચારી નરકાસુરનો વધ કરી તેના બંધી ખાનામાંથી અનેક રાજાઓ અને ૧૬૦૦ કન્યાઓને મુક્ત કરી તેની જનતાને જાણ થતાં જનતાએ ઘેર ઘેર દીવાઓ પ્રગટાવી આનંદ ઉત્સવ મનાવ્યો હતો. (૪) એક પૌરાણિક કથા એમ કહે છે કે પાંડવો જ્યારે ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરીને હસ્તિનાપુર આવ્યા ત્યારે નાગરિકો ઘેર-ઘેર દીપક જલાવી ગલીએગલી શણગારી પાંડુ પુત્રોને બહુમાન કર્યું હતું. ત્યારથી આ ઉત્સવ ઉજવાય છે. (૫) એક વાત પણ પ્રસિદ્ધ છે કે વિજયાદશમીના દિવસે રાવણાનો વધ કરી ભગવાન શ્રીરામચંદ્ર જ્યારે અયોધ્યા આવ્યા ત્યારે અયોધ્યા વાસીઓએ સ્વનગરીને અભૂત સૌન્દર્ય યુક્ત કરી રોશનીથી શોભિત કરી હતી. આ ઉપરાંત બીજી પણ ઘણી કથાઓ છે. પણ આપણે દીપાવલીના દિવસે એટલું જાણવા જેવું છે કે,

દીપાવલી એટલે પ્રકાશનું પર્વ. અમાવસ્યાની રાત્રી પણ દીપકોની તેજથી દુર થાય. તેમ જીવનમાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સંસ્કાર, સદાચાર ના દીપકો પ્રગટાવીએ. દીપકોને અજવાળે અજવાળે માયારૂપી અંધકારને પારકરી પરબ્રહ્મ સુધી પહોચીએ. શરીર કોડીયું છે. જ્ઞાન રુની વાટ છે. સદ્ગુણ જ્યોતિ છે.સદ્ગુણોના ઓથે ઓથે વાસ્તવિક તત્વો શોધી પરમપદની પ્રાપ્તિ કરી શકાય છે.

## નૂતન વર્ષ




તા. ૭-૧૧-૨૦૧૦ કારતક સુદ૧ને એટલે કે વિક્રમ સંવત ૨૦૬૭ નો પ્રથમ દિવસ આ દિવસ એટલે કે ૨૦૬૭ના વર્ષનું પ્રભાત જેનું સવાર સારુ તેનો આખો દિવસ સારો તે રીતે જેનો વર્ષનો પ્રથમ દિવસ માંગલિક તેનું આખું વર્ષ માંગલિક અને નવુ વર્ષ નવો દિવસ અને અંતરની નવી ભાવના સાથે જેનો પ્રથમ દિવસ રૂડો તેનું વર્ષ રૂડું જાય છે.

या याद्रशेन भावेन ''तिष्ठत्स्यां युधिष्ठिर

हर्षदैन्यादिरुपे! तस्य वर्ष प्रयाति वै

હે યુદ્ધિષ્ઠિર ! આ દિવસ જેટલો આનંદમાં જાય તેનું વર્ષ પણ તેટલા જ આનંદમાં વ્યતીત થાય છે. અને શોકમાં વ્યતીત થાય તો શોકમાં માટે જ શ્રીજી મહારાજ મોટા સમૈયા કરતાં, તેમાં હજારો સંતો, બ્રહ્મચારી, પાર્ષદો અને લાખો ભક્તો ભેગા થતા ને આનંદથી સૌ નૂતન વર્ષનો આરંભ શ્રીહરિ અને સંતોના સાનિધ્યમાં કરતા. અન્નકૂટનો મહાન ઉત્સવ કરતા.

ધ્યાનમાં રાખો.

ભક્તો આપ સૌ કોઈજાણો છો. આપણા વડતાલ અમદાવાદ ગઢપુરમાં કેવા મોટા મોટા અન્નકૂટ થાય છે અરે ! તમારા ગામમાં પણ અન્નકૂટ ઉત્સવ જરૂર થતો હશે. આપ સૌ ભક્તજનો ભાવથી સેવા કરતા હશો. દોડી દોડીને ઉત્સવની તૈયારી કરતા હશો. પરંપુ આજે ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત છે. ''આપણે ધર્મ-નિયમો છોડ્યા બજારનું ગાળ્યા ચાળ્યા વિનાનું ખાતા થયા તો ભગવાનને પણ નવા વર્ષના પ્રથમ દિવસે જ દુકાનની તૈયાર મીઠાઈ ધરાવવા લાગી ગયા. ભક્તો ! ભગવાનને મીષ્ટાન્નની ભૂખ નથી પણ ભાવની ભૂખ છે. તો અન્નકૂટ જેટલો બને તેટલો મંદિરમાં બનાવવો અથવા આપણે ઘેર ગાળી ચાળી પવિત્ર થઈને એક -મીઠાઈ બધા ભક્તો બનાવી લાવે તો ઘણી મીઠાઈઓ ભેગી થઈ જાય. અને કદાચ ઓછી હોય તો પણ મહારાજની પ્રસન્નતા એમાંજ વધારે થશે એ નિર્વિવાદ વાત છે.

નવા વર્ષના મંગલ પ્રભાતે આપણા જીવનનો નવો હિસાબ શરુ કરીએ. શ્રીજી મહારાજે ગ.પ્ર.ના૩૮માં ગ.પ્ર.૬૦માં અને સારંગપુરના ૧૮માં વચનામૃત કહ્યા પ્રમાણે હું અધ્યાત્મ માર્ગમાં કેટલો આગળ વધ્યો. સત્સંગમાં ખોટ કરું છું કે નફો તેનો હિસાબ માંડીએ. નિષ્કામ ભાવે ભજન-ભક્તિ માંગીએ એજ નૂતનવર્ષ છે.

''નવો દીસે આવેશ, જીવનમાં, નવું જગત આ લાગે છે.''

ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે.

## ભાઈબીજ



ભાઈબીજનું બીજુ નામ - ''યમદ્વીતીયા'' છે. જૂના વર્ષના રાગદ્વેષ ભૂલી નવા વર્ષમાં પ્રવેશ કરતાની સાથે ભાઈ-બહેનના નિર્વ્યાજ પ્રેમની અભિવ્યક્તિ થાય છે. આ દિવસે યમુનાજીએ પોતાને ઘેર ''યમરાજ'' ને પૂજા કરી પ્રથમ જમાડેલા છે. પ્રસન્ન થયેલા યમરાજે બહેનને વરદાન માગવા કહ્યું ત્યારે યમુનાજીએ માગ્યું હે ભાઈ ! તમારે દર વર્ષે આ દિવસે મારે ઘેર જમવા આવવું તેમજ આ દિવસે પોતાની બહેનને ત્યાં ભોજન કરે તેને તમારે યથેષ્ટ સુખ આપવું.

या तु भोज्यते नारी भ्रातरं युग्मके तिथौ ।

अचर्येच्यापि तांबुलैन सा वैधव्यमाप्नुयात् ॥

જે નારી ભાઈબીજના દિવસે ભાઈને જમાડે છે. અને તાંબુલ આદિ આપીને પ્રસન્ન કરે છે. તે વિધવા થતી નથી. આ દિવસે યમરાજની પૂજા કરી બહેને પ્રાર્થના કરવી કે चिरंजीवी यथा त्यं हि तथा मे भ्रातरं कुरुं ॥ જેમ માર્કંડેયાદિ આઠ ચિરંજીવી છે. તેમ મારા ભાઈને પણ ચિરંજીવી બનાવો.

જય શ્રી સ્વામિનારાયણ

# નમ્ર નિવેદન

શ્રીહરિના પરમ લાડીલા, દેશ વિદેશમાં વસતા સર્વે ભક્તજનો પ્રતિ,

વડતાલ વિહારીશ્રી આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના નિર્ભયચરણકમળ સમીપથી લિ. વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન શા. ઘનશ્યામપ્રકાશદાસના ઘણા ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. વ્હાલા ભક્તજનોને જણાવવાનું કે, અત્રે પ. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ. પૂ. સર્વે સંતો-પાર્ષદો ખૂબ જ આનંદમાં રહી મહારાજની સેવા સ્મરણ કરે છે. આપ સર્વે ભક્તો પણ ત્યાં રહી મહારાજની કૃપાથી ખૂબ જ આનંદમાં રહીને મહારાજનું ભજન ભક્તિ કરતા હશો.

વ્હાલા ભક્તો ! ખાસ જણાવવાનું કે, અત્રે નવા નિમાયેલા વડતાલના મુખ્ય કોઠારી સ્વામી બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ શા. સ્વા. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામીના નેતૃત્વ નીચે હાલમાં મંદિરનો વહીવટ ખૂબ જ સુંદર રીતે ચાલી રહ્યો છે. કથાવાર્તા અને હરિભક્તો માટે રહેવા જમવાની પણ ખૂબ જ સારી સગવડ આપવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અને આ કોઠારીશ્રી તેમજ ટેમ્પલ બોર્ડ દ્વારા આગમી દિવસોમાં સંસ્થાના અને સત્સંગના ખૂબ સારા કાર્યો થાય તેવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ સત્સંગમાં બહુરંગી લોકો હોવાને કારણે ગમે તેટલા સારા કાર્યો થાય છતાં રાગ અને દ્વેષથી ભરેલા લોકો હંમેશા કંઈકને કંઈક બદનામ કરવાની તકો શોધતા હોય છે અને રજનું ગજ કરી સંપ્રદાયની ખૂબ જ મોટી કુસેવા કરતા હોય છે. આવા લોકોને સત્સંગની આબરુની કાંઈ જ પડી હોતી નથી.

વ્હાલા ભક્તજનો ! હાલમાં એક કહેવાતા <u>સંપ્રદાય હિતરક્ષક સત્સંગ સમાજ</u> જેનું કોઈ સંપ્રદાયમાં અસ્તિત્વ પણ નથી. જેના તરફથી વડતાલધામના કોઈ જ પ્રકારની સેવા પણ કરવામાં આવતી નથી. આવું જુઠ્ઠુ ઉપજાવી કાઢી આ સમાજ એના નામે સંપ્રદાયના મૂર્ધન્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ સત્સંગના સ્થંભ સમાન હજારોને સત્સંગના રંગે રંગનાર વ્યક્તિ વ્યક્તિને વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો અપરંપાર મહિમા ઠચોઠચ પાનાર અને સત્સંગની તેમજ વડતાલ સંસ્થાની લાખો રૂપિયાની સેવા કરનાર અને કરાવનારા એવા પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળવાળાના વિરુદ્ધમાં એક અતિ રાગદ્વેષ ને ઈર્ષ્યાનું પ્રદર્શન કરતી સત્યથી વેગળી 'જાગો જાગો જાગો'ના નામે એક પત્રિકા બહાર પડી છે.

વ્હાલા ભક્તજનો ! અમો શ્રી હરિકૃષ્ણ મહારાજની સાક્ષીએ જણાવીએ છીએ જે અમોએ વડતાલ મંદિરના પુજારી પાસેથી મેળવેલ હકીકત મુજબ એ પત્રિકામાં લખેલ બાબતો બીલકુલ જુઠ્ઠી છે ને નરી જ ઈર્ષ્યા ભરેલી ને ઝેર ભરેલી છે.

વ્હાલા ભક્તજનો ! હકીકત એટલી જ સાચી છે જે શ્રી હરિકૃષ્ણ મહારાજના ધ્યાનનું હજારો ભક્તોને સુખ આવે ને દેશ વિદેશમાં વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનું જ ધ્યાન થાય અને વધારે ને વધારે વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો મહિમા વધે એવા મહાશુભ આશયથી પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળવાળાને એક શ્રી વડતાલ વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજના ધ્યાનની અતિ અદ્‌ભુત, ન ભુતો ન ભવિષ્યતિ એવી ડી.વી.ડી. બનાવવાનો શુભ સંકલ્પ હતો. અને તેઓશ્રીના સંતોને રાત્રીના ૧૧ થી ૧૧-૩૦ સુધી શુટીંગ ઉતારવાની પરવાનગી (મંજુરી) વડતાલ મંદિર તરફથી મળેલ પરંતુ પ્રથમ દિવસે બધી જ તૈયારી કરવામાં સંતોને મોડુ થયું જેના કારણે રાત્રીના ૧ (એક) વાગ્યા સુધી શુટીંગનું કામ ચાલ્યું ને ૧-૧૫ ઠાકોરજીના નીજ મંદિરના દ્વાર બંધ થયા અને ૧-૩૦ કલાકે સંપુર્ણ મંદિર બંધ થયું હતું. પરંતુ સવારે આ વાતની જાણ થતા અમુક ભક્તોને આ કાર્ય યોગ્ય ન લાગ્યું તેથી બીજા જ દિવસે શુટીંગ ઉતારવાનું બંધ કર્યું. બસ આટલી જ વાત સાચી છે બાકી જે કંઈ વાતો બહાર મુકવામાં આવે છે તે બધી જ વાત સાવ ખોટી છે.

શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહિમા કોને છે અને કોને નથી તેતો શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વયં જાણે જ છે.

પરંતુ નહીં જેવી વાતને બહુ જ અભદ્રરૂપ આપી ભક્તોને ભડકાવવા અને આવા મોટા સાધુનો દ્રોહ કરવો અને કરાવવો અને વડતાલધામનું ગૌરવ વધારવાને બદલે ઘટે તેવો હિન પ્રચાર કરવો એ બહુ જ મોટુ પાપ છે.

<u>માટે વ્હાલા ભક્તજનો, આવા પ્રચારની વાતોથી દુર રહી જે સંતો હજારો ભક્તોને વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની શુદ્ધ ઉપાસના-ભક્તિ કરાવવા અને સંપ્રદાયના સર્વાંગી વિકાસ માટે રાત્રી દિવસ તનતોડ મહેનત કરે છે. તેમાં વિશ્વાસ રાખી તેમના પવિત્ર સત્સંગ વિકાસના કાર્યમાં સહયોગ આપીને મહારાજને રાજી કરી લઈએ એ જ આ દેશ વિદેશમાં વસતા સર્વે ભક્તોને અમારું નમ્ર નિવેદન છે. એ જ</u>

*"સર્વે ભક્તો રાજી રહેશો અને વણતેડે વડતાલ પધારશો"*

# તા. ક. : - પત્રિકામાં જે જુઠ્ઠા આક્ષેપો મુકવામાં આવ્યા છે તેના ખરા જવાબ નીચે મુજબ છે.

**આક્ષેપ-૧ :** શ્રી હરિકૃષ્ણ મહારાજની સમક્ષ દસ થી બાર મોટા હાઈ વોલ્ટેજના ફોક્સ (હેલોજન) મુકયા.

**જવાબ :** આમાંથી એક પણ ફોક્સ (હેલોજન) હરિકૃષ્ણ મહારાજની સામે મુકવામાં આવ્યા ન હતા. પરંતુ ફોક્સ નંગ ૮ શ્રી હરિકૃષ્ણ મહારાજની વિરુદ્ધ દિશામાં એટલે કે રિવર્સ મુકવામાં આવ્યા હતા.

**આક્ષેપ-૨ :** જે કબાટ સાથે ફોક્સને બાંધ્યો હતો તે કબાટનું સનમાઈકા પણ બળી ગયું.

**જવાબ :** એક ઈંચ પણ સનમાઈકા બળ્યું નથી. માત્રને માત્ર જે જગ્યાએ ફોક્સનો પાછલો ભાગ સનમાઈકાને ટચ થયો હતો તે જગ્યાએ એક ઈંચના સ્કવેરની જેટલી જગ્યામાં સનમાઈકો ઉખડી ગયો.

શ્રીહરિકૃષ્ણ મહારાજ તો ત્યાંથી ૩ થી ૪ ફુટ કરતા પણ વધારે દુર હતા. આટલા દુર રહેલા શ્રીહરિકૃષ્ણ મહારાજ ૪ કલાક ફુલ એ.સી. ચાલુ રાખ્યાથી ઠંડા થાય એટલા જો ગરમ થયા હોય તો ફોક્સની આગળ મુકેલ થરમોકોલ તથા વાઘા તો સળગી જ જવા જોઈએ ને ? માટે આ વાત સાવ જુઠ્ઠી જ છે.

**આક્ષેપ-૩ :** તા.૭-૯-૨૦૧૦ના રોજ રાત્રે ૧૦ થી ૧૨ સાધુએ ભેગા થઈને જેમાં અમુક બનાવટી સાધુ પણ હતા તેઓએ રાત્રે થોડી થોડીવારે શ્રીહરિકૃષ્ણ મહારાજના વાઘા બદલ્યા.

**જવાબ :** પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામીના પોતાના ૫ (પાંચ) સંતો તેમાં પણ ૨ (બે) સંતો સોળે થઈને અને રેશમી ચાદર અને ગરમ ધાબળી પહેરીને મંદિરમાં ગયા હતા. અને પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામીના બ્રાહ્મણ જ્ઞાતિના અપરણીત પરમ પવિત્ર સાધક ભગત સાથે આટલા સંતો હતા. પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામીને ત્યાં સંતોની તાણ નથી. માટે બનાવટી સંતોને મોકલવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી, એવી તો સામાન્ય માણસને પણ સમજણ પડે જ.

શ્રી હરિકૃષ્ણ મહારાજના શણગાર માત્ર ને માત્ર એક જ વાર ધરાવેલા હતા. અને એ પણ સંતોએ નહીં, પણ કાયમના પુજારી બ્રાહ્મણે ધરાવ્યા હતા. એક જ શણગારમાં રાત્રીના ૧૦થી ૧ વાગ્યા સુધી શુટીંગ ચાલ્યુ હતું.

**આક્ષેપ-૪ :** જે સાધુઓ ફોટા પાડવા આવેલા તેઓ કારેલીબાગ-વડોદરાના સાધુઓ હતા. જે ખાનગી સંસ્થા છે જેથી શ્રી લક્ષ્મીનારાયણ દેવને વફાદાર નથી.

**જવાબ :** જે સંતો કારેલીબાગ-વડોદરાના છે તે સંસ્થાનો દસ્તાવેજ વડતાલ દેવના નામનો છે અને તે સંતો જો વડતાલ સંસ્થાને વફાદાર ન હોય તો વડતાલ સંસ્થાના જે જે સેવા કાર્યો થાય છે તેમાં તેમના તરફથી લાખો અને કરોડો રૂપિયાની સેવા વડતાલ સંસ્થાને શા માટે કરે અને કરાવે ? તેમજ દર વર્ષે શા માટે દેવનો નામ-ધર્માદો ઉઘરાવવા માટે બે-બે, ત્રણ-ત્રણ નામ-ધર્માદાની ચીઠ્ઠી લઈ ગામડામાં વિચરણ કરે ? <u>પુર્વાગ્રહરહિત થઈને જો વિચારવામાં આવે તો તેનો ખ્યાલ કોઈપણ વ્યક્તિને આવે.</u>

**આક્ષેપ-૫ :** આ શુટીંગ પોતાની અંગત કમાણી માટે કરેલ છે.

**જવાબ :** પ. પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામીશ્રીના એક વચને ભક્તો લાખો અને કરોડો રૂપિયા તોશું પણ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરે છે. જે સ્વામીશ્રી વડતાલ સંસ્થાને તેમજ સંપ્રદાયના ગામડાઓના હરિમંદિરોમાં લાખો રૂપિયાની સેવા કરે-કરાવે છે. માટે તેઓશ્રીને આ શુટીંગમાંથી શું લેવાનું હોય ? "માટે આ આક્ષેપ માત્રને માત્ર શુદ્રબુદ્ધિના જ વિચારોથી ભરેલો છે"

**આક્ષેપ-૬ :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મર્યાદા અને પરંપરા પ્રમાણે નિજ મંદિરમાં ફક્ત બ્રહ્મચારી તથા બ્રાહ્મણ પ્રવેશી દેવ સેવા અને દેવનો સ્પર્શ કરી શકે.

**જવાબ :** શ્રીહરિ સ્થાપિત ભુજ મંદિરમાં તથા જુનાગઢ મંદિરમાં સંતો સેવા કરે છે. માનો કે તે મંદિરમાં બ્રહ્મચારીઓ નથી પણ વડતાલ સંસ્થાના વહીવટ નીચે આવેલ ધોલેરા મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની સેવા પણ સંતો જ કરે છે. આટલું જ નહી આજે દેશ વિદેશમાં લગભગ તમામ મંદિરોમાં ઠાકોરજીની સેવા સંતો દ્વારા થાય છે. તે હકીકત છે.

**આક્ષેપ-૭ :** ૯ વાગ્યા પછી સંપ્રદાયના દરેક મંદિરમાં શ્રી ઠાકોરજી પોઢી જતા હોય છે.

**જવાબ :** વરતાલ સહિતના સંપ્રદાયના અનેકાનેક મંદિરોમાં ઉત્સવ સમૈયામાં તેમજ જીર્ણોદ્ધારના કાર્યમાં તેમજ લાઈટ ફીટીંગ, એ.સી. ફીટીંગ, રોશની, રીપેરીંગ કામ, વિડીયો શુટીંગ, ફોટોગ્રાફી વગેરે કાર્યોમાં અનેકવાર નિજ મંદિરમાં મોડી રાત્રી સુધી કાર્યો થતા હોય છે ને મહારાજની હયાતીમાં પણ ઘણી જ વાર મહારાજ, સંતો અને ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપવા મોડી રાત્રી સુધી જાગતા.

**આક્ષેપ-૮ :** સાધુએ હીરાજડીત શ્રીહરિકૃષ્ણ મહારાજની પાછળની કમાન કાઢી નાખી.

**જવાબ :** કમાન સંતોના કહેવાથી કે સંતોએ નથી કાઢી પરંતુ કમાન તો પુજારી બ્રાહ્મણે જાતે જ કાઢી હતી.

**આક્ષેપ-૯ :** દિવેટો સળગાવી મેસ પાડી શ્રીહરિકૃષ્ણ મહારાજની આંખોમાં લગાવી.

જવાબ : આ વાત બીલકુલ જુઠ્ઠી છે, પુછો પુજારી બ્રાહ્મણને જો તે પુજારી બ્રાહ્મણ શિક્ષાપત્રી ઉપાડી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણે હાથ મુકીને કહે તો આ વાત સાચી. અમોએ જ્યારે પુજારી બ્રાહ્મણને પુછ્યું ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડી કહ્યું કે, આવું કંઈ જ બન્યું નથી.

આક્ષેપ-૧૦ અહંકારી સ્વાર્થી કહેવાતા સાધુઓ સંપ્રદાયને ક્યાં લઈ જવા માંગે છે.

જવાબ : આવું લખનાર મહાશયજી પહેલા તમારી બુદ્ધીને ઠેકાણે લાવો. આ પરમાર્થી સંતો રાત્રી-દિવસ કથાવાર્તા તથા ઉત્સવ સમૈયા કરી ગામે ગામ વિચરણ કરી પોતાના તનને ઘસી અનેક પ્રકારના માન-અપમાન સહન કરી દેશ વિદેશના સત્સંગનું પોષણ કરે છે. જે સાધુ દ્વારા સત્સંગનો વિકાસ થયો છે અને થઈ રહ્યો છે એવા સમર્થ શક્તિશાળી સાધુઓને તોડી પાડવાનો પ્રયત્ન કરવાથી આ સંપ્રદાયને શું લાભ થશે ? આ સંપ્રદાયમાં પ્રથમથીજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વખતથી લઈને આજ સુધી જે જે મોટા સદ્‌ગુરુઓ સંપ્રદાયના સ્થંભ સમાન થયા તેને તોડી પાડવા માટેના રાગ દ્વેષ અને ઈર્ષાની બુદ્ધી ધરાવતા લોકો દ્વારા આવા તો ઘણા પ્રયત્નો થયા છે અને જેનું ઘણું જ માઠું પરિણામ આ સંપ્રદાયને ભોગવવું પડ્યું છે. હવે તો હદ થઈ છે "મહારાજ બચાવે"

આક્ષેપ-૧૧ આ લોકો દેવને દેવ સમજે છે ?

જવાબ : આ સંતો શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રગટ પુરૂષોત્તમ નારાયણ અક્ષરાધિપતિ સર્વોપરી એવા અવતારી સમજે છે, ને તેને જ ભજવા-ભજાવવા માટે જ ભેખ લીધો છે.

વડતાલધામ હરિકૃષ્ણ મહારાજની અતિ ઉત્સાહથી સેવા કરતા-કરાવતા સંતો-ભક્તોનો ઉત્કર્ષ ઈચ્છીને એમને પ્રોત્સાહીત કરવાને બદલે તેમની નહીં જેવી ભૂલ ખોળીને તેમને ઉતારી પાડવા જ પ્રયત્નો રાગ-દ્વેષ-ઈર્ષાથી જો કરતા રહેવાશે તો સેવાના ઉત્સાહી સંતો-ભક્તોના હૃદયને ઠેસ પહોંચશે. એમના હૃદયમાં આઘાત લાગશે. વડતાલ મંદિરની લક્ષ્મીનારાયણ દેવ હરિકૃષ્ણ મહારાજની સેવા કરવાનો એમના હૃદયમાં રહેલો અદમ્ય ઉત્સાહ શ્રદ્ધા ભાંગીને ભુક્કો થઈ જશે. તેથી તેમનાથી સેવા નહી થઈ શકે. તેથી વડતાલ ધામને મોટું નુકશાન થશે અને એનુ પાપ નિંદક ટૂકડીને ભોગવવું પડશે.

આપણે એક જ સંપ્રદાય વડતાલ હરિકૃષ્ણ મહારાજના ઉપાસકો છીએ, સૌને હરિકૃષ્ણ મહારાજ લક્ષ્મીનારાયણ દેવનો મહિમા છે; પરંતુ મુર્ખાયથી રાગ-દ્વેષ-ઈર્ષાને આધિન થઈ બીજાનો ઉત્કર્ષ સહન નહી કરી શકતા નેગેટીવ પ્રવૃત્તિ કરતા-કરાવતા રહેશું તો આપણે એક જ ઈષ્ટદેવના આશ્રિતો અંદરો અંદર ટાંટીયા ખેંચતા નાશ થઈ જશું. આપણી સર્વ શક્તિઓ કોકને બદનામ કરવા ને ખોટા દેખાડવા જો વાપર્યા કરશું તો આપણાથી સત્સંગનું શું ભલુ થશે ?

આપણે તો અંદરો અંદર એકાબીજાનું હિત ઈચ્છીએ, બીજાને મોટાઈ મળે તેમાં ખુશ રહીએ, સાથ-સહકાર આપીએ એમાં જ દેવ-મંદિર-સંપ્રદાયનો ઉત્કર્ષ છે. પરંતુ એકબીજાને તોડી પાડવાથી તો સંપ્રદાય જ તૂટી પડશે. કેમ જે, આપણે સર્વે સંપ્રદાયનો એક ભાગ છીએ. આપણાથી સેવા ન થઈ શકે તો કાંઈ નહિ પરંતુ કોઈ કરતા હોય તો તેના દોષો નહીં ખોળીને તેની ભૂલો માફ કરીને તેની સેવા-શ્રદ્ધા અને સદ્‌ગુણો જોઈને તેનો ઉત્સાહ વધારવા તેને સપોટ આપવો જોઈએ. અંદરોઅંદર જ પારકું પોતાનું કરી વ્યર્થ માનસિક ડિવીજનો પાડી નિંદા-ટીકાત્મક પત્રીકાઓ દ્વારા સત્સંગને ચૂંથવાથી કોઈનુંય ભલુ થવાનું નથી. ઉલ્ટાનો દ્રોહ થવાથી ભગવાનનો, સંતો-સત્સંગીઓનો કુરાજીપો પ્રાપ્ત થતા અનેકવિધ દુઃખો આવી પડશે. આ રીતે તો મૂળ સંપ્રદાયની કોઈ રીતે ઉન્નતિ નથી. સન્નિષ્ઠ, સેવાભાવી, મહિમાવંત સંતોની ગરીમાને રાગ-દ્વેષથી ઘટાડવાનું જે કામ કરાય છે તે જ અધોગતિનો મારગ છે. આવા રાગ-દ્વેષવાળા ઉપર ભગવાન અતિ કુરાજી થાય છે અને આવા પરઉત્કર્ષ સહન નહી કરી શકનારાઓને સાથ આપનારા ટોળાઓ હોય ત્યાં કદી ઉન્નતી શક્ય નથી. બીજા તો આખુ જગત જુએ તેમ હરણફાળે પ્રગતિના પંથે આગળ વધે જાય છે અને આપણે શું એકબીજાની મોટાઈ વધારવાને બદલે એકબીજાને બદનામ કરવામાં જ આપણી શક્તિઓ ખર્ચતા રહેશું ? બસ આ એક જ ધંધો આવડે છે ?

આપણે સારા કામ કરવા હોય, વડતાલ હરિકૃષ્ણ મહારાજનો દિગંતમાં પ્રચાર કરીને કરોડોને કલ્યાણના માર્ગે ચડાવી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવારૂપ ડંકો વગાડવો હોય તો એકમના થઈ, એકબીજાની મોટપ સહન કરીએ એટલું નહીં પરંતુ તેને વધારીએ અને સારા સેવાના કામ કરનારાને તેની ભૂલો નહીં ખોળતા તેના સદ્‌ગુણ, શ્રદ્ધા અને સત્કાર્યને જોઈ તેને બિરદાવતા શીખીએ તો તેની સેવા-શ્રદ્ધાનો ઉત્સાહ સો ગણો વધી જાય. તો તે વડતાલધામને માત્ર ધન નહીં તન-મન આત્મસુદ્ધા સમર્પિત થઈ જાય. આપણે હવે સારા ને શ્રેષ્ઠ, ઉત્સાહી, નિષ્ઠાવાન, પ્રતિભા સંપન્ન સંતોને ઉતારી પાડવાને બદલે તેમના સદ્‌ગુણોને બિરદાવી તેમનો ઉત્સાહ વધારી વડતાલ હરિકૃષ્ણ મહારાજને માટે તેમની શક્તિનો ઉપયોગ કરવાની જરૂર છે. તેમાં જ સંપ્રદાય અને આપણુ ભલુ છે. માટે આવી નેગેટીવ પ્રવૃત્તિને સમૂળ નાબુદ કરવી જોઈએ, એવા તત્વોને ટેકો કે સાથ ડાહ્યા માણસોએ ન આપવો જોઈએ. કોઈની મોટાઈ તોડી પાડવી એના સમાન કોઈ પાપ નથી. કોઈનો સેવા-શ્રદ્ધા ને ઉમંગને ચૂંથી નાંખવો તે સંપ્રદાયને ચૂંથ્યા બરોબર છે. માટે વિવેકી, બુદ્ધિશાળી સંત-સત્સંગીજનો મનમાં વિચારજ્યો.

ટુંકમાં તે રાગ દ્વેશથી છપાયેલી પત્રિકા માત્ર અને માત્ર રાગ દ્વેષ અને ઈર્ષાની બુદ્ધીથી જ લખાયેલ છે એમ સર્વે ભક્તોએ જાણવું એજ અમારી નમ્ર અપીલ છે એજ.

"સર્વે વ્હાલા ભક્તો રાજી રહેજો અને વણતેડે વરતાલ પધારજો."

# સત્સંગ સમાચાર

## જુનાગઢમાં રાજોપચાર મહાપુજન તથા મહાભિષેક

તા. ૦૬-૦૯-૨૦૧૦ શ્રાવણવદ -૧૩ના દિવસે જુનાગઢ મંદિરમાં દેવોનો રાજોપચાર મહાપૂજન તથા મહાભિષેક ઉત્સવ જુનાગઢ મંદિરના કોઠારીશ્રી તથા બોર્ડના સભ્યોના ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડતાલથી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ, આ.કો. શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી, બોર્ડના સલાહકાર સભ્ય શ્રી ધર્મજીવનદાસજી સ્વામી, મુની સ્વામી - લોયા તથા બોર્ડના ટ્રસ્ટી શ્રી ભાર્ગવભાઈ પધાર્યા હતા. પૂ. મહારાજશ્રી તથા સંતોના વરદ હસ્તે દેવોનું રાજોપચાર મહાપૂજન તથા મહાભિષેક છારોડી ગુરૂકુળના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવ્યુ હતું. આ મહોત્સવનો લાભ પ.ભ. શ્રી સંજયભાઈ ચોવટીયા, અશ્વિનભાઈ ચોવટીયા તથા પ્રકાશભાઈ ઢોછરીયા, હસમુખભાઈ ઢોછરીયાએ લીધો હતો. આ મહોત્સવમાં જુનાગઢ બોર્ડના ટ્રસ્ટીશ્રી બળવંતભાઈ ધામીએ પ્રસાદીના શાલીગ્રામ માટે સુવર્ણ સિંહાસન અર્પણ કર્યુ હતુ. આ મહોત્સવમાં ધામ ધામથી સંતો તથા હજારો ભકતજનો પધાર્યા હતા.

## જલજીલણી ઉત્સવ વડતાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલમાં ભવ્ય જલજીલણી મહોત્સવ તથા ગણપતિ વિસર્જન મહોત્સવ તા. ૧૯-૦૯-૨૦૧૦ ને રવિવારના રોજ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. સર્વ પ્રથમ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે ગણપતિનું પૂજન કરી આરતી ઉતારી હતી. ત્યાર બાદ ઠાકોરજીને સોના-ચાંદીના સુખપાલમાં પધરાવી સુખપાલને સંતોએ ખભે ઉપાડી હતી. આચાર્ય મહારાજ તથા સંતો પાર્ષદો વિવિધ પ્રકારના શણગારેલા ટ્રેકટરોમાં વિરાજમાન થયા હતા. આજુબાજુ ગામડાઓના ભક્તો પણ ૨૦ જેટલા ટ્રેકટરો લઈ આ મહોત્સવમાં જોડાયા હતા. ફટાકડાની આતશબાજી—બેન્ડ પાર્ટી—ડી.જે. સાઉન્ડ સાથે ભવ્ય શોભાયાત્રા ભક્તિમય વાતાવરણમાં પ્રસાદીભૂત ગોમતી તળાવે આવી હતી. ઠાકોરજી તથા ગણપતિને નૌકામાં પધરાવી પાંચ વખત પૂજન આરતી કરી ગોમતી તળાવમાં પાંચ વખત જળ વિહાર કરાવ્યો હતો. સંતો તથા ભક્તોએ ગોમતી તળાવમાં સ્નાન કરી ત્યારબાદ સહુ છુટા પડ્યા હતા.

## તીર્થવાસીઓને આશીર્વાદ સભા

પ.ભ. શ્રીમગનભાઈ નાનજીભાઈ કુંભાણી તથા મોહનભાઈ નાનજીભાઈ કુંભાણી ચાર ધામની યાત્રા કરીને આવ્યા તે નિમીત્તે પ.પૂ. આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજની તથા શાસ્ત્રી શ્રીનારણચરણદાસજી આદિક સંતોની પધરામણી હરમડીયા ગામમાં કરાવવામાં આવી હતી. આ પ્રસંગે આશીર્વાદ સભા રાખવામાં આવી હતી. જેમા પૂજ્ય મહારાજશ્રીએ તથા સંતોએ યાત્રાળુંઓને આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમનો લાભ મયુરભાઈ તથા ભરતભાઈ કુંભાણીએ લીધો હતો.

## શ્રાધ્ધ મહોત્સવ - વડતાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાનમાં ભાદરવા વદ -૯ તા.૦૨-૧૦-૧૦ના રોજ ભકિતમાતાનું શ્રાધ્ધ તથા ભાદરવા વદ-૧૦ તા.૦૩-૧૦-૧૦ના રોજ શ્રી હરિનો શ્રાધ્ધોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મંદિરના પુરોહિત પ.ભ. શ્રીરમેશભાઈ શુકલે વેદોકત વિધિથી પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ પાસે પૂજન કરાવ્યુ હતુ.

## શ્રી સ્વા. મંદિર - ગોત્રી (વડોદરા) શ્રાધ્ધ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધર્મધૂરંધર આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી તથા કોઠારી સ્વામીશ્રી રંગદાસજી સ્વામીના શુભ સંકલ્પથી હરિનગર (વડોદરા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા.૦૩-૧૦-૨૦૧૦ના રોજ શ્રી હરિનો શ્રાધ્ધ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ મેમનગર થી પૂ.સ્વામી શ્રી ભકિતપ્રકાશ સ્વામીએ શ્રી હરિના દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે વડોદરા શહેરના સમસ્ત સત્સંગી તથા આજુ-બાજુના ગામ કલાલી, ભાપલી, પાદરા, વિગેરે ગામોના હરિભકતોએ કથા વાર્તા, દર્શન, લાભ લીધો હતો.

સમગ્ર ઉત્સવના યજમાન હરિનગર મંદિરના ટ્રસ્ટીઓ હતા. આ પ્રસંગે એક હજાર જેટલા હરિભકતો ઉપસ્થિત થયા હતાને કથાવાર્તાનો લાભ લીધો હતો ને સૌએ માલપૂડા, દૂધપાક, કઢી, ભાત, શાકનો પ્રસાદ લઈ છૂટા પડયા હતા.

## श्री मद्भागवत्कथा पारायण द्वारा सत्संग प्रचार

प्रथम सप्ताह वडताल के संत शा. जगतपावनदास द्वारा गाँव कुक्षी जि. धार म.प्र स्थित स्वा. गोविंदप्रसाददासजी ( मेतपुर वाले ) द्वारा निर्मीत स्वा.ना. मन्दिरमे दि.०४-०८-१० से १०-०८-१० तक

द्वितीय सप्ताह गाँव अजन्दी कोट मे त.मनावर जि.धार म.प्र दि.१३-०८-१० से १९-०८-१० तक

तृतीय सप्ताह गाँव खण्डवा त.कुक्षी जि. धार म.प्र. मे दि.२५/०८/१० से ३१/०८/१० तक

चतुर्थ सप्ताह गाँव शीलकुवा म.प. स्थित स्वा. ना मन्दिर में दि. २-०९-१० से ०८/०९/१० तक की गई।


पंचम सप्ताह गाँव कवटी त. मनावर जि. धार म.प्र. मे दि.११/०९/१० से १७/०९/१० तक कथा पारायण की।

## અક્ષરવાસ



વડતાલના વયોવૃદ્ધ સંત પ.પૂ.સ.ગુ. શા. શ્રી ગોપીનાથજી ગુરૂ : પ.પૂ.સ.ગુ. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી (ગવૈયા) ૧૦૩ વર્ષની ઉંમરે તા. ૧૦-૦૯-૨૦૧૦ ભાદરવા સુદ ૨/૩ ને દિવસે ભગવદ્ સ્મરણ કરતા થકા દેહ છોડી શ્રીહરિના ધામમાં સિધાવ્યા છે. તેમણે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે સં. ૧૯૭૮ માં કારતક સુદ-૬ ના રોજ ભાગવતી ત્યાગાશ્રમ સ્વીકાર્યો હતો. તેઓના ધામમાં જવાથી તેમના મંડળ ઘણી ખોટ પડી છે. સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ તેમના મંડળના સંતો-પાર્ષદોને તેઓનો વિયોગ સહન

## અક્ષરવાસ



મંડાળા નિવાસી (વડજ) પ.ભ. શ્રી હરજીભાઈ ખુશાલભાઈ ૯૫ વર્ષની ઉંમરે પુના શહેરમાં હરિસ્મરણ કરતા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં અક્ષરધામ પહોંચ્યા છે તેઓએ મંડાળા સ્વામિનારાયણ મંદિરમાં વર્ષો સુધી પુજારી તરીકે ભગવાનની સેવા કરી છે. શ્રીહરિ એમની આત્માને શાંતિ આપે અને એમના પરિવારને સહન કરવાની શક્તિ આપે એવી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના.


## અક્ષરવાસ

બુરહાનપુરના ભક્ત શ્રી શૈલેષભાઈ રાધાકૃષ્ણભાઈ શાહ

તા. ૧૯-૦૯-૨૦૧૦ રવિવારના રોજ અક્ષરનિવાસી થયા છે. શૈલેષભાઈ નિયમીત મંદિરે આવતા હતા. ધનુર્માસમાં પ્રભાત ફેરીમાં શ્રીજી મહારાજની છબી લઈને આગળ ચાલતા. એમનો સ્વભાવ બહુ જ નિર્માની અને માયાળુ હતો. તેમના નિમિત્તે તા. ૩૦-૦૯-૨૦૧૦ના દિવસે સવારે મંદિરમાં કોઠારી શ્રી પી.પી.સ્વામી અને શાસ્ત્રી શ્રી નારાયણપ્રકાશદાસજી બંગલાવાળાની હાજરીમાં શોકસભા રાખવામાં આવી હતી.

શ્રીહરિ એમની આત્માને શાંતિ આપે અને એમના પરિવારને અને એમના મોટાભાઈ પ.ભ. હિતેન્દ્રભાઈને ધીરજ આપે એવી પ્રાર્થના.

## અક્ષરવાસ



બગસરા નિવાસ કરી રહેલા વડતાલધામ વાસી શ્રી હરિકૃષ્ણ મહારાજને વિષ અતિ હેત - નિષ્ઠાવાળા પ.ભ. શ્રી જીવાભાઈ કેશુભાઈ સાવલીયા તા. ૦૨-૦૯-૨૦૧૦ ને ગુરૂવારને જન્માષ્ટમીના રોજ શ્રી હરિસ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

જન્માષ્ટમીને દિવસે સવારમા તેમણે શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (ફરેણીવાળાને) ને યાદ કરેલા અને પછી સ્વામીને સમાચાર મળતા સ્વામી પધાર્યા અને સ્વામીના દર્શન કરીને જલ ગ્રહણ કરીને પછી લગભગ અડધી કલાકમાં જ તેઓશ્રી ધામમાં ગયેલા.

શ્રીહરિ એમના આત્માને શાંતિ આપે અને એમના પરિવારને વિયોગ સહન કરવાનુ બળ આપે એવી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

## અક્ષરવાસ

હરિકૃષ્ણભાઈ ઉર્ફ - રાજુભાઈ લક્ષ્મીપ્રસાદ પંડયા નડીયાદ જેઓ ઈશ્વરભાઈ લાભશંકરભાઈ પંડયાના પૌત્ર થાય જેઓ ઉંમર ૫૫ વર્ષની હતી. જેઓ વડતાલવાસી હરિકૃષ્ણ મહારાજનાં સન્નિષ્ઠ ભકતરાજ હતા. અને તેઓ દર પૂનમે વડતાલ નડીયાદથી ચાલીને આવતા અને વડતાલ આવીને માંદા વડીલ સંતોની પુછ-પરછ ખબર રાખીને ખૂબ જ ભાવથી એવા હતા.તઓ છેલ્લા દસેક વર્ષની અમેરીકા સ્થાયી થયા હતા. પરન્તુ અહી પોતાના બાપુજી બાબુભાઈની ખબર કાઢવા માટે આવ્યા અને તા.૨૭-૦૯-૨૦૧૦ ભાદરવા વદ -૪ સોમવારે સવારે વહેલા સ્નાન કરી પૂજા કરી પોતાના ઘરમાં રહેલા ઠાકોરજીના દર્શન કરી વડતાલ દર્શન કરવા આવેલ અને સવારે હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી ઓફીસમાં કોઠારીને જય સ્વામિનારાયણ કરીને ઘરે ગયા અને કહે મને છાતીમાં દુઃખે છે પછી તરત ભગવાનનું સ્મરણ કરતા કરતા ૧૧-૧૦એ મહારાજના ધામમાં ગયા.

# માસિક ભેટ નામાવલિ (સપ્ટેમ્બર - ૨૦૧૦)

| | | |
|---|---|---|
| ૨૫૧/- | શ્રી હસમુખભાઈ મણીભાઈ પટેલ (મુખી પરિવાર) - વલેટવા | હરિ તથા જય ની પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | નગીનભાઈ છગનલાલ દેસાઈ - રાજપીપલા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- | શ્રી હરિકૃષ્ણ કેવલ હ. દિનેશભાઈ પરષોત્તમભાઈ રામી - વડતાલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી ગીતાબેન દિનેશભાઈ પટેલ હ. પા. દિનુભગત એ. સડથલાવાળા - જોળ | મંદિરમાં માતાજીને ત્રણ સાડીઓ ધરાવી તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી પરમાર પ્રવિણભાઈ કાભીભાઈ (ડ્રાઈવર)-વડતાલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦૦/- | શ્રી વૈકુંઠભાઈ છોટાભાઈ પટેલ - શિવપુરી | શ્રી લક્ષ્મીનારાયણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી સ્નેહલકુમાર પુનમચંદ સોની - કાલોલ | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | અમિતકુમાર અરવિંદભાઈ પટેલ (રાજા) - પોર (બળીયાદેવ) | |
| ૧૦૦/- | શ્રી કુંજ જીજ્ઞેશકુમાર પટેલ હ. પ્રવિણભાઈ - કિસનાડ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- | શ્રીસુનિલભાઈ બિપીનભાઈ પટેલ હ.પા. દિનુભગત એ. સડથલાવાળા - કલમ | અ.નિ. પૂજ્ય પિતાશ્રી પટેલ બિપીનભાઈ છીતુભાઈના મોક્ષાર્થે |
| ૧૦૧/- | શ્રી દેવેન્દ્રકુમાર જી. ગોહીલ - જામનગર | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૨૦૧/- | શ્રી ભીખાભાઈ છગનલાલ કનસાડવાળા - સુરત | શ્રી લક્ષ્મીનારાયણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૫૫/- | શ્રી જગદીશચંદ્ર સી. ધ્યાની - આણંદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી પુરુષોત્તમભાઈ નરોત્તમભાઈ પટેલ - ખાંધલી (વસો) | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી કપિલાબેન ભાઈલાલભાઈ પટેલ - સેંધવા (M.P.) | |
| ૧૦૧/- | શ્રી કોઠારી જશભાઈ ઉમેદભાઈ પટેલ - વિરપુર | ૮૧મા વર્ષમાં પ્રવેશ થયો તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી મધુબેન જશભાઈ પટેલ - વિરપુર | સ્વાસ્થ્ય સારૂ રહે તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી કમલેશકુમાર ઘનશ્યામભાઈ પટેલ - વિરપુર | ૨૦મા વર્ષમાં પ્રવેશ થયો તે નિમિત્તે |
| ૧૦૦/- | શ્રી કામિનાબેન અમરેશ્વરભાઈ પટેલ - વાસદ | જન્મ દિવસ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી ડૉ. ઉમેશભાઈ એ. પટેલ - સંજાયા | પી.એચ.ડી. ની પદવી મળી તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ ભુરાભાઈ પટેલ - ગોધરા | નવું એક્ટીવા લીધુ તે નિમિત્તે |
| ૧૧૧/- | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ચશ્માવાળા) - નવસારી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી ઘનશ્યામભાઈ જાદવભાઈ પટેલ - માલપુર (સંખેડા) | પરિવારના મોક્ષાર્થે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૦૧/- | શ્રી છગનભાઈ લલ્લુભાઈ પટેલ - કરમલા | ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ આપી તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી નરેન્દ્રકુમાર મુળજીભાઈ પટેલ - કુરાઈ | ચિ. રિન્કુના વેવિશાળ થયા તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કાું. હ. સુરેશ કે. પટેલ - વલેટવા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |

| | | |
|---|---|---|
| ૧૦૦૧/- | શ્રી મહેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ પટેલ (ધુવારણવાળા) - ખંભાત | શ્રી લક્ષ્મીનારાયણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી ઉપેન્દ્ર વસંતરાય વ્યાસ - આણંદ | પિતૃશ્રાધ્ધ (સુદ-૩) નિમિત્તે |
| ૧૦૦/- | શ્રી હિરેનકુમાર ઠાકોરભાઈ પટેલ - કેસલું | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી પરસોત્તમભાઈ મહીજીભાઈ પટેલ - દાવોલ | સિટીઝન થયા તે નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૦/- | શ્રી રમેશભાઈ નરશીભાઈ પટેલ - સુણાવ | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦/- | શ્રી ભુમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી અનિલ રસિકભાઈ વાઘેલા - વડોદરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી સુધાબેન ગોવિંદભાઈ પટેલ - ડેમાઈ | ચિ. મિત પી.ટી.સી. માં પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૦/- | શ્રી પ્રવિણાબેન પાઠક - વડોદરા | હરિકૃષ્ણ એ નવું મકાન લીધુ તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી મહેન્દ્રભાઈ બી. પટેલ - મુંબઈ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી જીતેન્દ્રભાઈ બચુભાઈ પટેલ - સીંજીવાડા | પુત્રના જન્મ પ્રસંગે |
| ૫૦૫/- | શ્રી રમણભાઈ રણછોડભાઈ પટેલ - રણું | ચિ. અવનિષનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે |
| ૧૧૧/- | શ્રી સહજાનંદ મુકુલ આર. પંડ્યા- ડભોઈ - | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી સમીર મુળજીભાઈ પટેલ - ભરૂચ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- | શ્રી ભરતભાઈ રાવજીભાઈ પંચાલ - જંબુસર | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦/- | શ્રી નમ્રતાબેન જગદીશચંદ્ર પટેલ - રાયપુર (છત્તીસગઢ) | પરીક્ષા આપી તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી ક્રિષ્ણાબેન જગદીશચંદ્ર પટેલ - રાયપુર (છત્તીસગઢ) | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી સુશીલાબેન જશભાઈ પટેલ - જીંટોડીયા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી અલ્પેશકુમાર ગંગારામ ઠક્કર - તારાપુર | બા તથા દાદાના મોક્ષાર્થે |
| ૧૦૧/- | શ્રી પ્રતિકકુમાર મહેશભાઈ - ગોધરા | નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે |
| ૧૧૦/- | શ્રી વિનુભાઈ ભીખાભાઈ ભોઈ - દાગજીપુરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી અશ્વિનભાઈ મથુરભાઈ પટેલ - સરભાણ | અ.નિ. પ્રવિણભાઈ દાદાભાઈ પટેલના મોક્ષાર્થે |
| ૧૦૦/- | શ્રી અરવિંદભાઈ ધોળીભાઈ પટેલ - ગજેરા | ઓપરેશન સફળ થયું તે નિમિત્તે |
| ૧૦૧/- | ઘનશ્યામ ટ્રેડર્સ - દાહોદ | પિતૃઓના મોક્ષાર્થે |
| ૧૦૧/- | શ્રી નિર્મિબેન જીતેશકુમાર કાબરાવાળા - ભરૂચ | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી શૈલેષકુમાર ચંદુલાલ દરજી - દાહોદ | જન્મદિવસ નિમિત્તે |
| ૨૦૧/- | શ્રી કિરીટભાઈ આર. રાય - નડિયાદ | અ.નિ. લક્ષ્મીબાના શ્રાધ્ધ નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી દિક્ષીતભાઈ એચ. રાય - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી હર્ષભાઈ રાવજીભાઈ રાય- નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧/- | શ્રી અશોકકુમાર વાસુદેવપ્રસાદ ઠાકર - આણંદ | યુ.એસ.એ. નો પ્રવાસ સફળ રહ્યો તે નિમિત્તે |
| ૧૫૧/- | શ્રી ઈન્દિરાબેન અરવિંદભાઈ પટેલ - પંડોળી | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | શ્રી કૃપાબેન જીગીશકુમાર ભટ્ટ - વડોદરા | નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- | શ્રી મનહરબા ઈન્દ્રસિંહ ઝાલા - જામનગર | મહાવીરસિંહના મોક્ષાર્થે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | શ્રી સુરેશભાઈ અંટોલભાઈ પટેલ - તેરસા | નવા મકાનમાં ગૃહપ્રવેશ કર્યો તે નિમિત્તે |

**આગામી અંક દ્વિમાસીક અંક પ્રસિદ્ધ થશે.**






શ્રી સ્વા. મંદિર જુનાગઢમાં દેવોનો રાજોપચાર મહાભિષેક તથા મહાપૂજન કરતા પ.પૂ. મહારાજશ્રી





હરમડિયા ગામમાં પ.પૂ. મહારાજશ્રીની તથા સંતોની પધરામણી તથા યાત્રાળુઓને આશીર્વાદ સભા



કુક્ષી તથા કવટી ગાંવ (મ.પ્ર.)
જગતપાવનસ્વામીની કથા



શ્રાધ્ધ ઉત્સવ - ગોત્રી
શ્રી સ્વા. મંદિર - વડોદરા



જળજીલણી ઉત્સવ
શ્રી સ્વા. મંદિર - ખંભાત

શા. સ્વા. શ્રી
ગોપીનાથદાસ સ્વામીનો
૧૦૩ વર્ષની ઉંમરે
અક્ષરવાસ






શ્રી સ્વા. મંદિર વડતાલમાં જળઝીલણી ઉત્સવમાં ભાગ લેતા સંતો-હરિભક્તો

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન આયોજીત





# પ્રબોધિની મહોત્સવ

કાર્તિક સુદી એકાદશી તેહની પ્રબોધિની નામ ।
તેદી સત્સંગી સંત સહુ, આવજો વડતાલ ગામ ।।

શ્રી હરિકૃષ્ણ મહારાજ લક્ષ્મીનારાયણ આદિ દેવોનો

## ૧૮૬ મો વાર્ષિક પાટોત્સવ





સદ્. શ્રીમંજુકેશાનંદ સ્વામી વિરચિત

## ગ્રંથરાજ ઐશ્વર્યપ્રકાશ સપ્તાહ પારાયણ

કારતક સુદ- ૯ થી ૧૫ તારીખ - ૧૫-૧૦ થી ૨૧-૧૦-૨૦૧૦ સુધી

અધ્યક્ષશ્રી - પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ

વકતાશ્રી - લોક લાડીલા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળ)

**ઉત્સવ અંતર્ગત**

સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન સંતોની વ્યાખ્યાનમાળા - પોથીયાત્રા - જળયાત્રા - મહાભિષેક - અન્નકોટ - સાંસ્કૃતિક કાર્યક્રમ આદિક કાર્યક્રમોની હારમાળા સર્જાશે

નિમંત્રક - વડતાલ ટેમ્પલ બોર્ડ વતી પ.પૂ. મુખ્ય કોઠારી શ્રીનિલકંઠચરણદાસજી સ્વામી - વડતાલ.